સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

મે - ૨૦૧૨
બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-








## સુવર્ણ શિખર અનાવરણ મહોત્સવ - ગઢડા

ગઢપુરધામને આંગણે ગુજરાતમાં સૌપ્રથમ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તૈયાર થયેલ મંદિરના સુવર્ણ શિખરનું અનાવરણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (વૈશાખ સુદ - ૧૫, તા. ૬-૫-૨૦૧૨)









ગઢપુર પ્રદેશના મહુવા શહેરને આંગણે શિખરબધ્ધ મંદિરમાં બિરાજમાન દેવોના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં **પ.પૂ.લાલજી મહારાજશ્રી**ની પવિત્ર નિશ્રામાં ઉજવાયેલ **'શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ'** તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૩૦ થી ૬-૫-૧૨)









ગઢપુર પ્રદેશના મોટા ભમોદ્રા (તા. સાવરકુંડલા)ગામને આંગણે **પ.પૂ.લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરના **'સુવર્ણ જયંતિ મહોત્સવ'** તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે તથા ગઢડાનિવાસી પૂ. સ્વામી શ્રી હરિશ્ચંદ્રદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૭ થી ૧૩-૫-૨૦૧૨)



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::


# શ્રી સ્વામિનારાયણ ચિંતન

**વર્ષ :- ૭, અંક :- ૯, તા. ૨૦-૦૫-૧૨**

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

તંત્રી : સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com


## શ્રી ગઢપુર મંદિરના સુવર્ણ શિખરનું અનાવરણ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા અને જૂનાગઢમાં મંદિરોનું નિર્માણકાર્ય કરાવ્યું ત્યારે ગઢડાના પરમભક્તરાજ શ્રી દાદાખાચરે પ્રાર્થના કરી કરતા કહ્યું : ''હે મહારાજ ! આ ગઢડું આપનું ઘર છે, તો અહીં પણ એક સુંદર મંદિર બંધાવો.'' તેથી ભગવાન શ્રીહરિએ કહ્યું : ''દાદા ! અહીં તો અમે સર્વથી શ્રેષ્ઠ મંદિરનું નિર્માણકાર્ય કરાવીશું.'' ત્યારે દાદાખાચરે કહ્યું : ''મહારાજ ! એ મંદિર કેવું થશે ?'' ત્યારે શ્રીજીમહારાજે દાદાખાચાર આદિક ભક્તોને હાલ જે મંદિર છે તેવું જ સંપૂર્ણ સોનાથી સજ્જ મંદિરના દર્શન કરાવ્યાં. સર્વે ભક્તજનોએ કહ્યું : ''હે મહારાજ ! ખૂબ સુંદર મંદિર છે, આજ રહેવા દો.'' ત્યારે ભગવાન શ્રીહરિ કહે : ''આ મંદિરમાં તમારી કોઈની કાંઈ સેવા છે ખરી ? અમારે તો આ મંદિરના પાયામાં શેરનો પથ્થર કે મુઠ્ઠી ધૂળ નાખે કે ગુણ લે તેવા અસંખ્ય જીવોનું કલ્યાણ કરવું છે.''

ઉપરોક્ત પ્રસંગ સત્સંગના ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. શ્રીજીમહારાજે ભક્તોને જે મંદિર સુવર્ણનું બતાવી અદશ્ય કર્યું હતું તે મંદિર આજે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી ગોપીનાથજી મંદિર ટ્રસ્ટી બોર્ડ દ્વારા સત્સંગીઓની સદ્‌લક્ષ્મીના સહયોગથી ગુજરાતમાં અને વિશ્વવ્યાપી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સૌપ્રથમ પદ્મશિલાએ સહિત ત્રણે શિખર સોનાથી મઢાઈ ગયા. જેનું અનાવરણ તા. ૬-૫-૨૦૧૨ વૈશાખ સુદ પૂનમના દિવસે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે રાખવામાં આવ્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શાસ્ત્રોક્ત વેદોક્તવિધિ સાથે સુવર્ણ શિખરનું પૂજન-અર્ચન કરીને અનાવરણ કર્યું હતું. સુવર્ણની શિખરની સાથે સાથે શ્રી ધર્મ-ભક્તિ વાસુદેવનારાયણનું સુવર્ણ સિંહાસન અને સુવર્ણ દ્વારનું અનાવરણ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

## :: અનુક્રમણિકા ::


૧ દૃઢ સંકલ્પ શક્તિની અદ્‌ભુત કાર્યશક્તિ ..... ૦૪
સાધુ યોગેશ્વરદાસજી તથા વિદ્યાર્થી પાર્ષદ મંડળ - સરધાર

૨ સત્યનિષ્ઠા ..... ૨૫
પાર્ષદ સંદિપ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ સત્સંગ સમાચાર પત્રિકા... ..... ૨૭
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

૪ આઠમી શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા..... ..... ૩૩
- સંકલિત

૫ આગામી કથાપારાયણો તથા મહોત્સવો... ..... ૩૪
- સંકલિત



સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણે** ગ.પ્ર. પ્ર.ના ૬૫મા વચનામૃતમાં શ્રીમુખે કહેલી પરમાત્માની ઈચ્છાશક્તિના અવલંબનથી જીવાત્માને **માનવ સહજ** પ્રાપ્ત થયેલી

# દૃઢ સંકલ્પ શક્તિની અદ્ભુત કાર્યશક્તિ

- સાધુ યોગેશ્વરદાસજી તથા વિદ્યાર્થી પાર્ષદ મંડળ - સરધાર ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'જીવનમાં દૃઢ સંકલ્પથી **મહાન કાર્યો** કરવા જેણે કમર કસી,
તેમની પાસે પણ જીવન આરંભે તારા કરતાં વધારે કશું નહોતું.
તારી **સાધન સંપન્નતા** તપાસી લે મારા મિત્ર!
વિભૂતિઓ પાસે જે હતું તે બધું તારી પાસે છે.
બે બાવડાં, બે હાથ, બે પગ અને બે આંખ,
વળી જો તું સમજું હો તો વાપરવા એક દિમાગ!
એ સૌએ આટલાથી જ આરંભ કર્યો હતો ને!
તું પણ શિખરેથી યાત્રા આરંભી કહે કે, 'હું પણ કરી શકું!'

ઘણા લોકોને હજુ સંકલ્પશક્તિની સત્યતા સમજાણી નથી. પૃથ્વી પરનો વિશાળ માનવ સમુદાય પોતાના અસ્તિત્વના સાચા સ્વરૂપની ઓળખ વગરના દિવસો પસાર કરતો રહે છે.

સર્વજ્ઞ સર્વકારણના કારણ પરબ્રહ્મ પુરુષોત્તમ પરમાત્માની માનવી નામની કૃતિ, સફળજીવન જીવવા પૃથ્વી પર પ્રગટ કરાઈ છે. આપણે સફળ થવા માટે જ પેદા થયા છીએ. પરમાત્માના બીજા કોઈ સર્જન પાસે નથી એવી શક્તિઓ આપણને જન્મસિદ્ધ પ્રાપ્ત થઈ છે. આવી પ્રચંડ શક્તિનો આપણે ઉપયોગ ન કરીએ અને આપણને મળેલા સાધનો વણવાપર્યા જ પડ્યા રહે તો આપણે એ મહાન શિલ્પકામનો દ્રોહ કરીએ છીએ. સફળતા એ આપણો **જન્મસિદ્ધ અધિકાર** છે. પોતાના જીવનકાળ દરમ્યાન ઘણાં જૂજ લોકો પોતાના આ જન્મસિદ્ધ અધિકારનો **ઉપયોગ** કરે છે.

વૈજ્ઞાનિકો અને માનવ શાસ્ત્રીઓ સાવ થોડી ટકાવારીમાં ઉપયોગ કરી જાણે છે. આ ટકાવારી લગભગ ત્રણથી દશ ટકા સુધી જ પહોંચે છે.

અત્યાર સુધી જેટલા યુગ પસાર થયા છે તેમાં માણસ હંમેશા તેની **શારીરિક ઈન્દ્રિયો** પર સૌથી વધુ **નિર્ભર** રહ્યો છે. અને તેના જ્ઞાનને માત્ર ભૌતિક વસ્તુઓ સુધી જ સીમિત રાખ્યું છે. જેને તે જોઈ શકતો હોય છે, અડી શકતો હોય, વજન કરી શકતો હોય કે તેને માપી શકતો હોય.

આપણે હવે એક ખૂબજ સુંદર યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. એવો યુગ જેમાં આપણને દુનિયાભરની **અતિ સૂક્ષ્મ શક્તિઓ** વિષે કંઈક શીખવા મળશે. વૈજ્ઞાનિકોએ પણ હવે ખૂબજ નાની વસ્તુ ગણાતા મગજના **અભ્યાસ** તરફ તેમનું **ધ્યાન** કેન્દ્રિત કર્યું છે. અને આ અભ્યાસ પ્રાથમિક તબક્કામાં હોવા છતાં તેમણે માણસના મગજ વિષે ઘણું બધું જાણ્યું છે, મગજનું સેન્ટ્રલ સ્વિચબોર્ડ તેમજ મગજના કોષોને એકબીજા સાથે જોડતા અસંખ્ય તાંતણાઓ, એકથી લઈને ૧.૫ કરોડ સુધીની **સંખ્યા** અને ઘણું બધું છે.

યુનિવર્સિટી ઓફ શિકાગોના ડો. સી. જ્યુડસન હેરિકે કહે છે : ''આ આંક ખૂબજ મૂર્ખતા પૂર્વકનો છે.'' ખગોળશાસ્ત્રના અંકો સો અને કરોડો પ્રકાશવર્ષોની વાત કરે છે તેની સરખામણીમાં આ એકદમ અર્થહીન છે. એવું તારણ કાઢવામાં આવ્યું છે કે, મગજના બાહ્ય કવચ (હ્યુમન સેરેબ્રલ કોર્ટક્ષ)માં ૧૦,૦૦૦,૦૦૦,૦૦૦ થી ૧૪,૦૦૦,૦૦૦,૦૦૦ **તંતુ કોષો** આવેલા છે અને આપણે જાણીએ છીએ કે તે ચોક્કસ પ્રકારના ગોઠવાયેલા છે. આ પ્રકારો કોઈ મનફાવે તે રીતે ગોઠવાયેલા નથી, તે સુવ્યવસ્થા મુજબ જ હોય છે. હાલમાં જ તૈયાર કરવામાં આવેલી ઈલેક્ટ્રો-ફિઝયોલોજી પદ્ધતિ દ્વારા ખૂબજ નિશ્ચિતપૂર્વક ગોઠવેલા કોષોમાં અથવા માઈક્રો ઈલેક્ટ્રોડ હોય તેવા ફાઈબર્સમાંથી કાર્યના કરંટને શોધી રેડીયો ટ્યુબ્સ અને વોલ્ટના એક મિલિયનના ભાગમાં વિસ્તૃત કરે છે.

શરીરમાં આવેલી કેશસમાન રક્તવાહિનીઓને જો એક લાઈનમાં ગોઠવવામાં





સર્વજ્ઞ સર્વકારણના કારણ પરબ્રહ્મ પુરુષોત્તમ પરમાત્માની માનવી નામની કૃતિ, સફળજીવન જીવવા પૃથ્વી પર પ્રગટ કરાઈ છે.આપણે સફળ થવા માટે જ પેદા થયા છીએ. પરમાત્માના બીજા કોઈ સર્જન પાસે નથી એવી શક્તિઓ આપણને જન્મસિદ્ધ પ્રાપ્ત થઈ છે. આવી પ્રચંડ શક્તિનો આપણે ઉપયોગ ન કરીએ અને આપણને મળેલા સાધનો વણવાપર્યા જ પડ્યા રહે તો આપણે એ મહાન શિલ્પકામનો દ્રોહ કરીએ છીએ. સફળતા એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. પોતાના જીવનકાળ દરમ્યાન ઘણાં જૂજ લોકો પોતાના આ જન્મસિદ્ધ અધિકારનો ઉપયોગ કરે છે.

આવે તો ૩૩,૦૦૦ માઈલ લાંબી લાઈન થાય. આપણા મગજની રચના તો અદ્‌ભુત છે. જગતનું કોઈપણ કોમ્પ્યુટર તેની તોલે આવી શકે નહીં. આ મગજમાં ૧૦,૦૦૦,૦૦૦,૦૦૦ થી ૧૪,૦૦૦,૦૦૦,૦૦૦ જેટલા જ્ઞાનતંતુના કોષો છે. આપણું સવા કિલો વજનનું નાનુ મગજ, તેનું કામ કરવા માત્ર ૨૫ વૉટ વિજળી શક્તિ આપણા શરીરમાંથી વાપરે છે. ત્યારે માનવે બનાવેલું કોમ્પ્યુટર જટિલ ગણતરી કરવા માટે **એક લાખ વૉટ** વિજળી વાપરે છે. આટલી બધી વિજળી વાપરતું કોમ્પ્યુટર પરમાત્માએ બનાવેલા મગજ જેવું કામ આપી શકતું નથી. આપણા મગજમાં દસ અબજથી એકસો અબજ જેટલી જુદી જુદી માહિતીઓ સંઘરી શકાય છે. ત્યારે કોમ્પ્યુટર યંત્ર બહુ બહુ તો લાખ - બેલાખ માહિતી માંડી સંઘરી શકે છે. મગજ જેટલું જ કામ કરનારા યંત્રને રાખવા માટે સેંકડો મીટર જગ્યા જોઈએ પણ આપણું મગજ તો એક મૂઠ્ઠીભર જગ્યામાં પડ્યું રહે છે. બીજી રીતે તમારે આપણા નિસર્ગનો ચમત્કાર જાણવો હોય તો એમ કહી શકાય કે આપણું મગજ જે કામ કરે છે તેવું જ કામ કરનારું કોમ્પ્યુટર યંત્ર બનાવવું હોય તો તે અમેરીકાના આખા એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની જગ્યા રોકે તેવડું યંત્ર બનાવવું પડે અને તે ચલાવવા માટે એક અબજ વોલ્ટ વિજળી જોઈએ ત્યારે આપણું મગજ શરીરમાંથી પેદા કરેલી માત્ર ૧૦૦ વૉટ વિજળીથી ચાલે છે. મગજનું કામ કોમ્પ્યુટરે કરવું હોય તો તે બનાવવામાં એકસો અબજ રૂપિયા લાગી જાય, છતાં પણ તે કદાચ મગજ જેવું કામ ન કરે. મગજનો દરેક કોષ બીજા કોષ સાથે સંકળાયેલો છે. કોમ્પ્યુટરના તારને એકબીજા સાથે એ રીતે ન સાંકળી શકાય, કારણ કે મગજનો એક કોષ એક સાથે એક લાખ કોષો સાથે સંકળાયેલો છે. કોમ્પ્યુટરમાં તો સ્મરણના સ્વતંત્ર ખાનાઓ છે, પણ મગજના સ્મરણના કોષો એકબીજા સાથે સંકળાઈને સ્મરણને સંઘરી શકે છે.



**"મનુષ્યનું મન પણ બિલોરી કાચ જેવું છે. જેના કિરણો જેમ જેમ કેન્દ્રિત થતાં જાય તેમ તેમ વધુ દાહક થતાં જાય છે. જેમ કાચમાંથી પસાર થતાં કિરણો કોઈ એક બિંદુ પર સઘનપણે કેન્દ્રિત થતાં તેને સળગાવી ઊઠે છે. એ જ રીતે મનની શક્તિ પણ જ્યારે કોઈ એક વિષય પર એકાગ્રતાથી કેન્દ્રિત થાય ત્યારે એ વિજ્ઞાન, સાહિત્ય કે વ્યાપાર–વ્યવસાયના જગતને પ્રકાશથી રોશન કરે છે."**

માનવામાં ન આવે તેવી વાત એ છે કે, મગજની મશીનરીનું આવું નેટવર્ક માત્ર માનવશરીરના વિકાસ અને જાળવણી હેતુથી ભૌતિક કાર્ય કરતું હોય એવું નથી કે આ સિસ્ટમ અબજોની સંખ્યામાં મગજના કોષો આપે છે.

વિચારો **વિદ્યુતશક્તિ** સમાન છે. વિદ્યુત-વાહક જ્ઞાનતંતુ જે મસ્તિષ્ક જેવા તત્ત્વોના બનેલા છે તે ખૂબ સારા વિદ્યુત-વાહક (કન્ડકટર) છે. વૈજ્ઞાનિકોએ મૃત વ્યક્તિના દેહમાં વિજપ્રવાહ દાખલ કર્યો ત્યારે તે બેઠો થઈ ગયો હતો. તેના વિજપ્રવાહ યુક્ત જ્ઞાનતંતુઓએ એ જીવંત હોય ત્યારે જેમ સ્નાયુઓને સંકોચાવે છે તેવી જ રીતે, તે વિજપ્રવાહે સ્નાયુઓને સંકોચાવ્યા હતા. આમ જ્ઞાનતંતુઓ જેવી જ અસર આ વિજપ્રવાહના લીધે કરી હતી. આવી અસર વિજપ્રવાહ ઈલેક્ટ્રો-મેગ્નેટ ઉપર જ કરી શકે છે. વિજપ્રવાહ તેને લંબ રીતે રહેલા લોખંડના લાંબા લંબચોરસ ટૂકડા ઉપર જેવી અસર કરે છે તેવી જ અસર વિજપ્રવાહ યુક્ત જ્ઞાનતંતુઓએ પણ તે મૃતદેહ ઉપર કરી હતી.

મસ્તિષ્કના કોષો **બેટરી સમાન** છે. જે વિજપ્રવાહ જન્માવે છે. આ વિજપ્રવાહ **જ્ઞાનતંતુઓ** દ્વારા વહે છે.

લોહચુંબકનો એક નાનકડો ટૂકડો તેના વજન કરતા બાર ગણો વધારે વજનદાર વસ્તુને ઉઠાવી શકશે. પરંતુ એ જ લોખંડના ટૂકડામાંથી ચુંબકશક્તિ કાઢી લો તો એક પીછું પણ ઊંચકી શકે નહિ.

આ જ રીતે **માણસો** પણ **બે પ્રકાર**ના હોય છે : ૧. 'ચુંબકીય શક્તિથી સમૃદ્ધ માણસ.' - જે આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી છલકાતો હોય છે. વિજય અને સફળતાને વરવા જ પોતે નિર્માયો છે એવું તે જાણે છે. ૨. 'બીજો માણસ જે ચુંબક શક્તિ વિહીન છે.' - તે ભયભીત અને શંકાશીલ છે. તકો સામે આવીને ઊભી રહે ત્યારે તે કહે છે કે, 'હું હારી જઈશ.' મારા પૈસા ખોવાઈ જશે. લોકો મારી સામું હસશે. - આવા માણસો જિંદગીમાં કાંઈ કરી શકતા નથી. કારણ કે તે

આગળ વધતા જ ડરે છે.
જ રહેશે. એટલે તમારી
અનો યુગોપુરાણા
મનાનો એક
તેને જ્યારે નિશ્ચિત મુખ્ય
કરવામાં આવે છે ત્યારે
કરવા માટેની **તમામ**
મનની શક્તિઓ અને
ઓનું **સંવાદિતાપૂર્વક**
સ્થિત **પ્રયત્નો** કરે છે.
નથી.

આપણા તમામ
નથી. કારણ કે આપણા
નિષ્ઠારૂપે સ્વીકાર્યા નથી.
મૂર્તિમંત થવા માટે તે
પહોંચ્યા હોત. આમ,
**સંકલ્પ** સાકાર થાય છે.
ન કરી શકીએ. એ



"મનની શક્તિ અગાધ અને અપરિમિત છે. આ વાત જરાય ખોટી નથી. મન બળવાન હોય તો જ ધાર્યાં પરિણામ આવી શકે છે. આ એક સિદ્ધાંતની વાત છે કે માણસ જે વિચારે એ જ બોલે છે અને જેવું બોલે છે એવું કામ કરે છે. જેવું કામ કરે એવું ફળ મળે છે. આથી સૌપ્રથમ તો મનમાંથી હીન વિચારોને કાઢી નાખો. એક વાત યાદ રાખો : 'ભિખારીની માફક યાચનાભર્યા શબ્દો બોલનારા ભિખારી જ રહે છે, અને ભીખ માગતો રહે છે."

તે તો જ્યાં છે ત્યાંના ત્યાં
**ચુંબક શક્તિ** જાગૃત કરો
**જીવન-રહસ્ય**ને પામો !!



લોહચુંબક કહી શકાય.
ધ્યેયથી સંતૃપ્ત કરી સક્રિય
તે નિશ્ચિત હેતુ સંપન્ન
**જરૂરીયાતો**ને પોતાના
અન્યોના મનની શક્તિ
**સંકલન** કરી સુવ્યવ-
તેને માટે કશું અશક્ય

સંકલ્પો સાકાર થતા
અંતર આત્માએ એને
જો તે નિષ્ઠારૂપે હોત તો
જરૂર અંતર્મન પાસે
આપણા તમામ **દૃઢ**
આપણે પોતે એમાં કશું
આપોઆપ થાય છે.

આપણું **અંતર્મન** હંમેશા સર્જતું રહે છે. એનો એ સ્વભાવ છે. હંમેશા રૂપાંતરના મોરચે જ એ હોય છે. આપણા વિચારોને આપણી માન્યતાઓને રાખવી કે નહિ, માત્ર તે અંગે જ આપણા જાગૃત મનનો કાબુ હોય શકે છે. હવે સમજાશે કે જીવનમાં દૃઢ સંકલ્પશક્તિ આટલી બધી મહત્ત્વની કેમ ? દૃઢ સંકલ્પ શક્તિને **નિષ્ઠા**માં ફેરવવાની **પ્રેરણા** આપે છે. પછી મન પાસે એ નિષ્ઠાને પહોંચાડી એને **સાકાર** કરવા મથે છે એટલે જે વિષે આપણે પુરોપુરો દૃઢ સંકલ્પ હોય એ તે બાબતો કાળાનુક્રમે આપણા જીવનમાં **હકીકત** બનીને રહેવાની !!!

મનુષ્યનું મન પણ **બિલોરી કાચ** જેવું છે. જેના કિરણો જેમ જેમ કેન્દ્રિત થતાં જાય તેમ તેમ વધુ **દાહક** થતાં જાય છે. જેમ કાચમાંથી પસાર થતાં કિરણો કોઈ એક બિંદુ પર સઘનપણે કેન્દ્રિત થતાં તેને સળગાવી ઊઠે છે. એ જ રીતે મનની શક્તિ પણ જ્યારે કોઈ એક વિષય પર એકાગ્રતાથી કેન્દ્રિત થાય ત્યારે એ વિજ્ઞાન, સાહિત્ય કે વ્યાપાર-વ્યવસાયના જગતને પ્રકાશથી **રોશન** કરે છે.

આકાશમાં ઊંચે ચઢતી વરાળના વાદળો કરતા વધારે શક્તિહીન બીજું શું હોય ? મોડી રાત્રે આકાશમાંથી પૃથ્વી પર પડતાં ઝાકળબિંદુ સમા એ પણ શક્તિહીન છે. તેમ છતાં, એ વરાળનું સઘન કે ઘટ સ્વરૂપ જ્યારે સ્ટીમ બોઈલરમાંથી પ્રગટ થાય છે, ત્યારે પાકા ખડકોને તોડવા અણુ જહાજોને ચલાવવા તેમજ દેખીતી રીતે અશક્ય એવા અનેક કામો પાર પાડવા **ઉપયોગી** થાય છે.

લેસર એ ઊર્જાનો નબળો સ્રોત છે. પ્રકાશના સીધા પ્રવાહમાં એના જ કિરણોને કેન્દ્રિભૂત કરવા લેસરને ખૂબ થોડી ઊર્જાની જરૂર પડે છે, પરંતુ એ જ લેસરથી તમે હીરામાં છેદ પાડી શકો અથવા તો કેન્સરને ભેદી શકો. આપણે પણ જ્યારે જીવનમાં દૃઢ સંકલ્પને ધારણ કરીએ ત્યારે આવા જ **પરિણામો** લાવી શકીએ છીએ.

માનવ મનની શક્તિ અમાપ અને અપાર છે. મનમાં જેવા વિચાર સ્ફુરશે, તો ભાગ્ય પણ એ પ્રમાણે બદલાશે. જીવનમાં આપણે જે કંઈ બનવા માંગતા હોઈએ અથવા આપણી પરિસ્થિતિને બદલવા માંગતા હોઈએ તો આપણે આપણા વિચારથી અને કાર્યોથી એમ કરી શકીએ છીએ. આપણા મનમાં જે શક્તિ છે એ અજેય અને અસમી છે. એની સામે સંસારની કોઈ ચીજ ટકી શકતી નથી. આપણા મનમાં વિચારથી આ શક્તિ ઉત્પન્ન થાય છે, જો આપણા વિચારો આપણી ઈચ્છાઓ લક્ષ્યાંકને અનુકુળ બની જાય તો પછી આપણે શું ન કરી શકીએ !

પોતાના મનની સંકલ્પ શક્તિ વડે એ વિસ્મિત કરી દે એવું કામ કરી બતાવે છે અને તમામ પરિસ્થિતિઓને બદલી નાંખે છે.

મનની શક્તિ **અગાધ** અને **અપરિમિત** છે. આ વાત જરાય ખોટી નથી. મન બળવાન હોય તો જ ધાર્યા **પરિણામ** આવી શકે છે. આ એક સિદ્ધાંતની વાત છે કે **માણસ જે વિચારે એ જ બોલે છે અને જેવું બોલે છે એવું કામ કરે છે.** જેવું કામ કરે એવું ફળ મળે છે.

આથી સૌપ્રથમ તો મનમાંથી **હીન વિચારો**ને કાઢી નાખો. **એક વાત યાદ રાખો :** 'ભિખારીની માફક યાચનાભર્યા શબ્દો બોલનારા ભિખારી જ રહે છે, અને ભીખ માગતો રહે છે.'

પેલા **હાથી**ની કલ્પના કરો જે પોતાની સૂંઢ માત્રથી ટનબંધી સામાન ઉપાડી જાણે છે ! મહાવત આવા જબરદસ્ત હાથીને એક સામાન્ય દોરડાથી બાંધીને એક જ સ્થળે રાખવાનું શક્ય કેવી રીતે બનાવે છે ? એ હાથી જ્યારે નાનો હોય છે ત્યારે તેને એક મજબુત સાંકળ તેમજ તોતિંગ વૃક્ષ સાથે બાંધવામાં આવે છે. હાથીનું બચ્ચું તો નબળું હોય, પણ સાંકળ અને ઝાડ સાથે મજબૂત બચ્ચું બંધાવા ટેવાયેલું નથી, એટલે એ સાંકળ ખેંચીને તોડવા મથે છે. પરંતુ બધું વ્યર્થ ! એક દિવસ એ સમજી જાય છે કે એની કોઈ મહેનત બર આવવાની નથી. એટલે પછી ધીરે ધીરે એ શાંત પડીને સ્થિર થઈ જાય છે. હવે પરિસ્થિતિને અનુકૂળ થવાની સ્થિતિમાં એ છે.

પછી એ જ બાળ હાથી મોટો થઈને જ્યારે મહાકાય, જબરદસ્ત ગજરાજ બને છે ત્યારે તેને નબળા દોરડાથી એક નાનકડા થાંભલા સાથે બાંધવામાં આવે છે. એક જ ઝાટકે એ હાથી પોતાનું બંધન કાપી, નાસી શકે તેમ છે. પરંતુ હવે એ ક્યાંય જતો નથી. કારણ કે તેનું માનસ પરિસ્થિતિથી ટેવાઈ ગયું છે.

આપણે નક્કી કરેલા ધ્યેયને આપણે સિદ્ધ કરીએ જ છીએ એ વાત સાવ સાચી છે. આજે તમે જે કાંઈ છો અને જ્યાં છો, ત્યાં તમે એટલા માટે છો. કારણ કે ત્યાં તમે રહેવાનો તમારો સંકલ્પ હતો.

આપણી પોતાની પ્રતિકૃતિ સર્જીએ ત્યારે આપણે આ વાત યાદ રાખીએ કે આપણા મનમાં આપણે જે ચિત્રો ધારીએ તે પૂર્ણપણે ઉપસે છે. દા.ત. જમીન પર પડેલા ૧૨ ઈંચ પહોળા એક પાટીયા ઉપર તો સહેલાયથી ચાલી શકાય. પરંતુ એ જ પાટીયાને બે દશમાળની બિલ્ડિંગો વચ્ચે ગોઠવો અને પછી એના પર ચાલવું... તે કંઈક જુદી જ બાબત બને છે. જમીન પર તમે તમારી જાતને સહેલાઈથી અને સહીસલામત ચાલતા જુઓ છો. જ્યારે પેલી ઈમારતો વચ્ચેના પાટીયા પરથી તો તમારી જાતને તમે નીચે પડતાં જ જુઓ છો. મન એ ધારણ કરેલા ચિત્રને પુરુ કરે છે એટલે તમારો ભય સાચો ઠરે છે.

સારો ખેલાડી બેઝ-બોલમાં દડાને ફટકારે તે પહેલા દડાને બેઝ-હિટમાં જતો નિહાળી શકે છે. એ જ રીતે, સફળ વેપારી પ્રસ્તાવ મુકતાં પહેલા ગ્રાહકને ખરીદી કરતો જોઈ શકે છે. માઈકલ એન્જલોએ પોતાનું પહેલું ટાંકણ માર્યું તે પહેલા, આરસના એ પથ્થરમાં તેણે 'વિરાટ મોઝીઝ'ના દર્શન કર્યા હતાં !

વૈજ્ઞાનિક **અભ્યાસ** બતાવે છે કે, તમારું મગજ વાસ્તવિક જીવનમાં પ્રત્યક્ષ અનુભવ અને કાલ્પનિક ક્ષેત્રના **'કૃત્રિમ કે બનાવટી'** અનુભવ વચ્ચે ભેદ પાડી શકતું નથી. માણસ જ્યારે પોતાની પ્રવૃત્તિના કાલ્પનિક ચિત્રો નિહાળે છે ત્યારે જ્ઞાનતંતુઓની ગતિવિધિને આખા શરીરમાંથી પસાર થતી માપી શકાય છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો, પ્રત્યક્ષ પ્રસ્તુતિકરણ વખતે મગજના જ્ઞાનકોષોનો જે **પ્રભાવ** આલેખાય છે તેવો જ આલેખ મનોમનના કાલ્પનિક નિદર્શન વખતે પણ અંકિત થતો જોવા મળે છે.

જે કાંઈ અવનવું કલ્પતા રહો, તેને ઉત્કટતાપૂર્વક ઝંખો. નિષ્ઠાપૂર્વક એને માનો અને ધગશપૂર્વક એના પર કામ કરો તો અંતે એ કલ્પના સાકાર થઈને જ રહેવાની !!

એવું કહેવાય છે કે, માણસ જે કાંઈ કલ્પના કરે તેની પોતે રચના કરી શકે છે.

આ કલ્પનાશક્તિની મદદથી જ માણસે સમગ્ર માનવજાતિના ઈતિહાસના સમયગાળાની સરખામણીમાં છેલ્લા ૫૦ વર્ષમાં **કુદરતના પરિબળો** શોધી કાઢ્યા છે અને ઉપયોગમાં લીધા છે. માણસે અવકાશમાં એવું વ્યાપક પ્રભુત્વ જમાવ્યું છે કે પક્ષીઓની કોઈ વિસાત રહેવા નથી દીધી. આશ્ચર્યની વાત તો એ છે કે માણસે પોતે જ્યાં કદી પહોંચી શકે એમ નથી એવા કરોડો માઈલ દૂર રહેલા સૂર્યનો **અભ્યાસ** કર્યો છે. તેમાં ક્યા તત્ત્વો રહેલા છે એનું વજન કેટલું છે તેનો પણ અંદાજ લગાવ્યો છે. આ બધું તેણે પોતાની **કલ્પનાશક્તિ**ના આધારે કર્યું છે.

આ એક કલ્પનાયુગ છે. જેમાં **ચમત્કારો** પણ સિદ્ધ થઈ શકે છે. આધુનિક યુગના કેટલાક ચમત્કારોએ વિશ્વ ઉપર ઊંડી છાપ પાડી છે. જેમ કે એડીસને કરેલો **'ચમત્કાર'**

૧૦૦૦ જેટલા સમયોચિત પરાભવોથી પણ તેમણે વિજળીનો ગોળો બનાવ્યો જ. તેણે મીણની થાળી ઉપર માનવા અવાજની ધ્રૂજારી અંકિત કરી. આવી અનેક શોધો તેમણે કલ્પના ના બળથી જ કરી હતી. વળી, આ શોધો માટે તેમની પાસે કોઈ અદ્યતન ઉપકરણો ન હતા. સાવ સાદા ઉપકરણો વડે તેમણે નિસર્ગના **ગૂઢ સિદ્ધાંતો** પ્રગલ્લભિત કર્યાં, ધ્વનિ આલેખ ઉપકરણ તો તદ્દન સાદું હતું. પહેલા તેમણે એક 'થાળી' નહીં, પરંતુ મીણનો નળાકાર જ બનાવ્યો હતો, જે ફરતો હતો. પછી તેમણે તેની સાથે એક સોય સ્પર્શે તે રીતે રાખી. તે સોયની પાછળ અવાજથી કાર્બન ડીસ્ક ઉપર 'ફેંક્યો' ડીસ્ક ધ્રૂજી સોય ધ્રૂજી તેણે મીણ ઉપર અંકનો કર્યાં. આ પાછળ માત્ર તેની કલ્પના જ સબળ હતી. તેઓ આ પ્રયોગમાં વારંવાર નિષ્ફળ ગયા હતા. પરંતુ તે નિષ્ફળતા વચ્ચે શ્રદ્ધાએ જ તેમને ટકાવી રાખ્યા. આવું જ 'ઈન્કેડસન્ટ લેમ્પ' અંગે બન્યું હતું. ૯૯૯૯ વાર તેઓ નિષ્ફળ ગયા અનેક ધાતુના તારો જોડ્યા હતા. તાર ગરમ થતાં પ્રકાશ તો આવતો હતો, પરંતુ તાર તુર્ત જ ઓગળી પણ જતો હતો. છતાં કાર્બન રોડ્ઝથી તેમણે પહેલો લેમ્પ બનાવ્યો. પછી જુદી જુદી ધાતુઓના તારના ગૂંચ બનાવ્યાં. એડીસનના એક જ વિચારે વિશ્વનો નકશો ફેરવી નાખ્યો.

આ સિવાય થોમસ આલ્વા એડીસને, નાના-મોટા **અનેક સંશોધનો** કર્યાં છે. જે માત્ર તેઓની કલ્પનાનું જ **પરિણામ** હતું. પહેલા કલ્પના આવી પછી **'આકૃતિ'** બની.

માર્કોનીએ **ઈથરના તત્ત્વો**નો ઉપયોગ કરી શકાય તેવી **સિસ્ટમ**ની કલ્પના કરી અને આખી દુનિયામાં પ્રત્યેક રેડિયો અને ટેલિવિઝન સેટમાં તે વાપરવું પડે છે એ બાબત જ તેમની સાકાર થયેલી કલ્પનાનું **ઉદાહરણ** છે. તમને એ જાણીને નવાઈ લાગશે કે 'વાયર કે પછી સંદેશાવ્યવહારના અન્ય કોઈ સાધનોની સીધી મદદ વિના હવા મારફતે સંદેશો મોકલી શકાય એવો **સિદ્ધાંત** પોતે શોધી કાઢ્યો છે.' એવી માર્કોનીએ જાહેરાત કરી ત્યારે તેમના મિત્રો તેમને કસ્ટડીમાં લઈ ગયા હતા, એટલું જ નહિ પરંતુ માનસિક રોગીઓની હોસ્પીટલમાં તેમનું નિદાન પણ કરાવ્યું હતું. જો કે આજના સ્વપ્નદૃષ્ટાઓએ આવી સ્થિતિનો સામનો કરવો પડતો નથી.

રાઈટ બ્રધર્સની **'ધૂના'** પણ સમજવા જેવી છે. તેમણે મશીન તો યુરોપમાં બનાવડાવ્યું તેને પાંખો વાળા સાધન સાથે જોડ્યું, આગળ પંખો મૂક્યો, જે હવા પાછી ફેંકે. સિદ્ધાંત તો તે પાછળ પતંગનો હતો. કેટલાયે પ્રયોગો છતાં નિષ્ફળ રહ્યા, છેલ્લે પાંખનો પાછળનો ભાગ નીચો કરતા **'ફ્લાઈંગ મશીન'** ઊડ્યું. માનવીએ નિસર્ગના નિયમોનો જ ઉપયોગ કરી અદ્‌ભુત સિદ્ધિ મેળવી.


કોલંબસ, પૃથ્વી ગોળ છે તેમ સમજી જ ગયા હતા અને તે કલ્પનાના બળે જ આગળ વધ્યા. ત્યાં અચાનક **'નવી દુનિયા'**ના ટાપુઓ ઉપર જઈ પહોંચ્યા. કોલંબસ જો અધવચ્ચેથી પાછા વળ્યા હોત તો કોઈ એમનો વાંક ન કાઢત. હા, પણ કોઈ એને યાદ પણ ન કરત.

આવી જ કલ્પના ગેલીલીયોમાં હતી, કોપરનિક્સમાં હતી. તેમણે દૂરબીન વડે, બ્રહ્માંડમાં, અનંત સુધી જોઈ દર્શાવ્યું કે નજરે દેખાય છે તે કરતા તારાઓ ઘણાં વધુ છે. આ શોધો પાછળ તે સંશોધકોની **'દૃઢ સંકલ્પશક્તિ'** હતી. પોતાનામાં આત્મવિશ્વાસ હતો. આ કલ્પનાનાં બળે જ જોસેફ સ્મિથે એકઝેટ અને મેક્સિકન સંસ્કૃતિ શોધી હતી. તેને પગલે ઈન્કા અને મય સંસ્કૃતિ શોધાણી. આ કલ્પનાએ જ 'નાશ'ને ખતમ થઈ ગયેલા ધંધાને ફરી બેઠો કર્યો.


આ વાત ભારતના **મહાત્મા ગાંધી**ની લઈએ. અદ્‌ભુત વ્યક્તિ છે ને ! તેમણે ૩૦ કરોડ ભારતીયોને એક તો કર્યા, પરંતુ તેમાંથી કેટલાયે તો એવા અનુયાયીઓ મળ્યા કે જેઓ જાણતા જ હતા કે તેમના આદેશને અનુસરવાથી મૃત્યુ તત્કાળ અને નિશ્ચિત છે. છતાં તેમની તેમણે પરવાહ કરી નહિ. આથી મોટો **'ચમત્કાર'** શો હોઈ શકે ? ગાંધીની શક્તિ જ અહિંસામાં રહેલી છે. તેમણે



**સ**મગ્ર માનવજાતિમાં જાણીતા થયેલા મહાત્મા ગાંધી દૃઢ સંકલ્પ શક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પૂરી માનવ-જાતમાં શ્રદ્ધાની શક્તિના જે અસાધારણ ઉદાહરણો જોવા મળે છે તે આ મહામાનવે સાકાર કરી બતાવ્યા હતા. આધુનિક યુગમાં કોઈપણ જીવિત વ્યક્તિ કરતા વધુ શક્તિ ગાંધીજીએ બતાવી છે અને આશ્ચર્યની વાત તો એ છે કે આ માટે તેમની પાસે નાણાં, યુદ્ધ ટેન્કો, સૈનિકો કે પછી યુદ્ધ માટેની અન્ય કોઈપણ સામગ્રી જેવા સત્તાના પરંપરાગત સાધનો નહોતા. ગાંધીજી પાસે નાણાં નહોતા, ઘર નહોતું કે વૈભવી વસ્ત્રો પણ નહોતાં, પરંતુ તેમની પાસે શક્તિ હતી. એ શક્તિ તેમણે કેવી રીતે હાંસલ કરી હતી ? તેમણે દૃઢ સંકલ્પ શક્તિના સિદ્ધાંત અંગેની પોતાની સમજ દ્વારા એ શક્તિ ઊભી કરી હતી, જેને તેમણે ૩૦ કરોડ લોકોના મનમાં ટ્રાન્સપ્લાન્ટ કરી હતી. ગાંધીજીએ અદ્‌ભુત શાણપણથી ૩૦ કરોડ લોકોના મનને પ્રભાવિત કર્યા હતા અને તમામને એક જ મનની જેમ સંગઠિત કરીને સામુહિક રીતે આગળ લઈ ગયા હતા.




મહાત્મા ગાંધી



થોમસ આલ્વા એડીસન



માર્કોની



રાઈટ બ્રધર્સ

તે સિદ્ધ કરી આપ્યું છે કે, દૃઢ સંકલ્પ તે સિદ્ધ કરી શકે છે જે, અઢળક દ્રવ્ય, અનેકવિધ યુદ્ધ સામગ્રી કે તાલીમબદ્ધ સૈનિકો પણ કરી શકતા નથી.

સમગ્ર માનવજાતિમાં જાણીતા થયેલા મહાત્મા ગાંધી દૃઢ સંકલ્પ શક્તિનું **શ્રેષ્ઠ ઉદાહરણ** છે. પૂરી માનવજાતમાં શ્રદ્ધાની શક્તિના જે અસાધારણ ઉદાહરણો જોવા મળે છે તે આ મહામાનવે સાકાર કરી બતાવ્યા હતા. આધુનિક યુગમાં કોઈપણ જીવિત વ્યક્તિ કરતા વધુ શક્તિ ગાંધીજીએ બતાવી છે અને આશ્ચર્યની વાત તો એ છે કે આ માટે તેમની પાસે નાણાં, યુદ્ધ ટેન્કો, સૈનિકો કે પછી યુદ્ધ માટેની અન્ય કોઈપણ સામગ્રી જેવા સત્તાના પરંપરાગત સાધનો નહોતા. ગાંધીજી પાસે નાણાં નહોતા, ઘર નહોતું કે વૈભવી વસ્ત્રો પણ નહોતાં, પરંતુ તેમની પાસે શક્તિ હતી. એ શક્તિ તેમણે કેવી રીતે હાંસલ કરી હતી ?

તેમણે **દૃઢ સંકલ્પ શક્તિ**ના સિદ્ધાંત અંગેની **પોતાની સમજ** દ્વારા એ શક્તિ ઊભી કરી હતી, જેને તેમણે ૩૦ કરોડ લોકોના મનમાં **ટ્રાન્સપ્લાન્ટ** કરી હતી.

ગાંધીજીએ અદ્ભુત શાણપણથી ૩૦ કરોડ લોકોના મનને **પ્રભાવિત** કર્યા હતા અને તમામને એક જ મનની જેમ **સંગઠિત** કરીને સામુહિક રીતે આગળ લઈ ગયા હતા.

નેપોલિયનના મનમાં આવી **વિજ-ચુંબકીય શક્તિ** હતી. તેના સંસર્ગમાં આવતા સૌ કોઈને પોતાની તરફ ખેંચી રાખતો. તેના સૈનિકો તેના એક માત્ર શબ્દ પર પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર રહેતા હતા. તેનું કારણ તેના મનની વિજ-ચુંબકીય શક્તિ હતી.

જે વિચારો કોઈપણ એક પ્રકારની લાગણી સાથે ભળે ત્યારે તે અન્ય એવા જ સમાન અથવા સંલગ્ન વિચારોને આકર્ષે એવા **'ચુંબકીય' પરિબળો**ની રચના કરે છે.

આ જ કલ્પનાથી આઈન્સ્ટાઈને માત્ર ગણિત દ્વારા જ વિશ્વને તે **સિદ્ધાંતો** આપ્યા જેની જગતને તે પૂર્વે કલ્પના પણ ન હતી.

દૃઢ કલ્પના શક્તિવાળા માનવીએ આકાશમાં નજર નાખી. ઊડતા પક્ષીઓને જોયા અને તેમને પણ પાછળ રાખી દેવાનો નિર્ણય કર્યો. વિમાનની શોધે અસામાન્ય પરિવર્તન લાવી દીધું. વિમાન દ્વારા હવા ઉપર કાબુ મેળવી માત્ર આકાશમાં ઊડીને જ તેણે સંતોષ માન્યો નહીં. પરંતુ 'ઈથર' (આપનો સ્ફીયર) સુધી સંદેશા પાઠવી સેકન્ડના તદ્દન નાના ભાગમાં તો દુનિયાના એક છેડેથી બીજે છેડે અવાજ અને ચિત્રો (ટીવી દ્વારા) પાઠવ્યા છે.

વિચાર એક **શક્તિ** છે. તે માનવીને બૌદ્ધિક અને માનસિક રીતે **સબળ** બનાવે છે. મનની ગતિશીલતા વિકાસ માટે અનિવાર્ય છે. હાથલારીથી શરૂ અત્યારના વિમાન સુધીની માનવીની શોધો, અસામાન્ય બૌદ્ધિક તરંગોનું **પરિણામ** છે.


આપણા સૌમાં આ **પ્રતિભા-શક્તિ** પડેલી જ છે. એની સભાનતાને કારણે તો નેપોલિયન બોલી ઉઠવા પ્રેરાયેલો કે, 'કલ્પના જ જગત પર **શાસન** કરે છે.'

હંમેશા ધ્યાનમાં રાખો કે અંગ્રેજી શબ્દ 'Telent' (પ્રતિભા) 'Latent' (સુષુપ્ત) શબ્દમાં છુપાયેલો છે અને


કોલંબસ



ગેલીલીયો




કોપરનિક્સ




સર એડમન્ડ હિલેરી




સોક્રટીસ


નેપોલિયન હિલ


માઈક એન્જલો


બિલ ગેટ્સ



તમારે માત્ર 'T' અને 'L' ની **અદલા-બદલી** કરવાની છે.

કુદરત પાસેથી આપણે શીખવાની જરૂર છે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ ભમરી માખીનું શરીર ખૂબ ભારે હોય છે અને તેની પાંખો ખૂબજ નાની હોય છે. ઉડ્ડયનવિજ્ઞાન મુજબ તો આ ભમરી ઊડી જ ન શકે, પરંતુ આ વાત એ માખીઓ જાણતી નથી. અને એ નિરંતર ઊડતી જ રહે છે.

તમે જ્યારે તમારી મર્યાદા જાણતા નથી, ત્યારે તેમાંથી બહાર નીકળી આવા **અવનવાં આશ્ચર્યો** અનુભવી શકો ! બદલામાં તમને નવાઈ લાગશે કે તમારામાં કશી મર્યાદા હતી જ નહીં ! માણસની તમામ મર્યાદાઓ એણે પોતે જ લાદેલી, સ્વયંનિર્મિત હોય છે !


જો તમે તમારી આસપાસની વસ્તુઓ બદલવા માગો છો તો તમારે એજન્ટને બદલવાની જરૂર છે. તમે હંમેશથી કરતા આવ્યા છો તેનાથી જુદું જ કરવાની જરૂર ઊભી થાય છે. તમારે અત્યારથી જ તે દિશામાં કામ કરવું જોઈએ ! તમારે જાતે સારો દેખાવ કરવાની અને લોકો તમને અનુસરે તે માટે **ઉદાહરણ** પૂરું પાડવાની જરૂર છે.


ડૉકટરો, સાઈકોલોજિસ્ટો, કોચ, મેન્ટર્સ અને તમામ લોકો એમ કહે છે કે, ચાર મિનિટથી ઓછા સમયમાં એક માઈલનું અંતર કાપવું માનવી માટે અશક્ય છે. દરેક દોડવીરે આ મર્યાદાને સ્વીકારી લીધી છે. પરંતુ રોજર બેનિસ્ટરે તેનો ઈન્કાર કરી દીધો હતો. તેમણે આકરી મહેનત દ્વારા આ મર્યાદાને તોડી નાખી હતી. ૧૯૫૪માં આજે **ચમત્કારિક દોડ** તરીકે ઓળખાતી દોડમાં તેણે તમામ માન્યતા ને ખોટી પાડતાં ૪૫ અન્ય સ્પર્ધકોને પાછા પાડીને ફક્ત ૩ : ૫૯ : ૦૪ મિનિટમાં અંતિમ રેખા પાર કરી દીધી હતી. તે દિવસે **ઈતિહાસ** રચાયો હતો, કારણ કે તેની આકરી મહેનતે તેના જુસ્સાને આકાર આપ્યો હતો. ઉચ્ચ કેરેટ ધરાવતા હીરાને સારી રીતે તરાસવામાં આવ્યો હતો. બીજા જ વર્ષે બે ડઝન જેટલા દોડવીરો એ ચારમિનિટથી પણ ઓછા સમયમાં એક માઈલનું અંતર કાપી નાખ્યું હતું. આજે આ સ્વીકૃત ધોરણ છે. પી નટના ૩૨૫થી વધુ ઉપયોગો શોધી કાઢનાર કેમિસ્ટ જયોર્જ વોશિંગ્ટન કારવરે ટિપ્પણી કરી હતી : **'૯૯ ટકા નિષ્ફળતા બહાના કાઢવાની આદત ધરાવતા લોકોમાંથી આવે છે.'**


સફળતાની સૌથી વધુ કહાણીઓ એવા વ્યક્તિત્વો દ્વારા જ આકારવામાં આવી કે, જેમણે ક્યારેય આકરી મહેનતથી મોં ફેરવ્યું નહિ અને જ્યારે પણ જરૂર પડી ત્યારે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.


જો તમે ઉત્તમ કલ્પનાઓ કરતા હો, અદમ્ય ઈચ્છા ધરાવતા હો, તમારા સ્વપ્નમાં વિશ્વાસ ધરાવતા હો અને તેના પર મન મૂકીને કામ કરતા હો તો કોઈ તમને અટકાવી શકે નહીં.

માઉન્ટ એવરેસ્ટ પર સૌથી પહેલા પહોંચનારા આરોહક હતા - **સર એડમન્ડ હિલેરી.** ૧૯૫૩ની ૨૯મી

સ્ટીવ જોબ


અબ્રાહમ લિંકન


બીથોવન


સ્ટીવન હોકિન્સ




"માણસની ઉંમર કેટલી છે, તે મહત્ત્વનું નથી; પરંતુ સંકલ્પની દૃઢતા કેટલી છે એ જ મહત્ત્વનું છે. માઝાર્ટે ૬ વર્ષની ઉંમરે સંગીતના જલસા શરૂ કરી દીધા હતા, તો માઈક એન્જલોએ ૮૭માં વર્ષે એની સર્વાધિક વિખ્યાત કૃતિ બનાવી હતી. પિટ્ટ ૨૪માં વર્ષે વડાપ્રધાન બન્યા, જ્યારે ગ્લેડસ્ટોન ૮૩માં વર્ષે કોલરિજે ૨૫ વર્ષે એની જગવિખ્યાત કવિતા 'ધ એન્શિયન્ટ મેરીનર' રચી, અને લીઅનાર્ડો દ વિન્ચી ૭૭ વર્ષના હતા ત્યારે એમણે પ્રખ્યાત 'ધ લાસ્ટ સપર' ચિત્ર બનાવ્યું."

મેએ તેઓ માઉન્ટ એવરેસ્ટ ચઢ્યા. ૨૯,૦૦૦ ફૂટનું સીધું ચઢાણ ! માણસની જાણમાં સૌથી ઊંચો પર્વતરાજ ! એના પર ચઢાણની અનેરી સિદ્ધિ બદલ એ બિરદાવાયા. આ કારણોસર અમેરીકન એક્સપ્રેસ કાર્ડની જાહેરાતોમાં પણ તે ચમક્યા.

૧૯૫૨માં એમણે **માઉન્ટ એવરેસ્ટ** ચઢવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમાં ફાવ્યા નહીં. થોડા અઠવાડિયા બાદ ઈંગ્લેન્ડના એક સમૂહે એના સભ્યો સમક્ષ કશુંક કહેવા એમને બોલાવ્યા. તાળીઓના ગડગડાટ વચ્ચે હિલેરી મંચ સુધી પહોંચ્યા. શ્રોતાગણ એમના આ પ્રયાસને પણ મહાન ગણાવતા હતા. પરંતુ એડમન્ડ હિલેરી પોતાને નિષ્ફળ માનતા હતા.

માઈક્રોફોનના સ્ટેન્ડને દૂર હટાવી એ મંચની ધાર સુધી આવ્યા. પોતાની મૂઠી ભીડી એમણે પર્વતરાજના ચિત્ર ભણી ઉગામી. મોટા અવાજે લલકારતા એ બોલ્યા : 'માઉન્ટ એવરેસ્ટ, ભલે પહેલા પ્રયાસમાં તે મને હરાવ્યો, પરંતુ બીજા પ્રયાસે તું જોઈ લેજે ! કારણ કે તારે તો જેટલા ઊંચા વધવાનું હતું, તે તું વધી ચૂક્યો છે. જ્યારે હું તો હજી આગળ વધી રહ્યો છું!'

તમારામાં દૃઢ સંકલ્પરૂપી **હકારાત્મક ઊર્જા**નું પ્રમાણ જેટલું વધારે તેટલી **સફળતાની તકો** વધી જાય છે. જો તમારામાં હકારાત્મક ઊર્જા ભરપૂર પ્રમાણમાં ન હોય તો તમારો જુસ્સો વ્યર્થ બની જાય છે તે આપણા **જુસ્સા પાછળનું પરિબળ** છે. આ ઊર્જા, જુસ્સાદાર માનવી પાસે **આશ્ચર્યજનક કૃત્યો** કરાવે છે.

પર્વતારોહણ દરમ્યાન કોઈ જીવલેણ અકસ્માતમાં એક ટનની શિલા તમારા પર પડે અને ડૉક્ટરને તમારા પગ કાપી નાખવાની ફરજ પડે તો ? પરંતુ જો તમારામાં **પોઝેટીવ એનર્જી** હશે તો ભલેને ડૉક્ટરને તમારા અંગ કાપવાની ફરજ પડે તો પણ તમે ક્ષમતાઓની તમામ સરહદો વટાવીને પર્વત જેવો **અડગ જુસ્સો** અને જીવવાનું જોમ ધરાવનાર સાહસવીર વૉરેન મેકડોનાલ્ટ બની શકો છો. એક સફળ શસ્ત્રક્રિયામાં તેનું જીવન તો બચી ગયું, પણ તેણે પોતાના પગ ગુમાવવા પડ્યા હતા. ડૉક્ટરોએ તો વૉરેનને જણાવી દીધું હતું કે, તે જીવનમાં ક્યારેય ચાલી નહીં શકે. પરંતુ ડૉક્ટરે તેને સાયકલિંગ, કાયાકિંગ અથવા કલાઈલિંગ અંગે કશું જણાવ્યું ન હતું. અને તેમણે આ માણસની ભિંતરમાં રહેલી હકારાત્મક ઊર્જાની માનવામાં ન આવે તેવી ક્ષમતાને સંપૂર્ણપણે અવગણી હતી ! પોતાના અંતરમાં પડેલા સાહસ માટેના અદમ્ય જુસ્સાને બહાર લાવવાની **પ્રચંડ હકારાત્મક ઊર્જા** વડે વૉરેન આફ્રિકાના સૌથી ઊંચા શિખર માઉન્ટ કિલીમાન્જારો, અમેરીકાના સૌથી ઊંચા પર્વત એલ કેપ્ટેન અને કેનેડાની વીપિંગ વૉલને સર કરવા પહોંચી ગયો હતો ! આને કહેવાય હકારાત્મક ઊર્જાની શક્તિ અને ક્ષમતા.

માર્ટિન લ્યૂથર કિંગ કહે છે : 'જેના માટે પ્રાણ આપી શકાય તેવું પ્રયોજન માણસ શોધી ન લે ત્યાં સુધી જીવન જીવવા માટે એ યોગ્ય નથી !'

સોક્રેટીસને ઝેરનો પ્યાલો પીવો પડ્યો, ઈસુ ખ્રિસ્તીને ક્રોસ પર ચઢવું પડ્યું, સ્ટીફનને પથ્થરો મારીને મારી નખાયા. બ્રૂનોને જીવતો સળગાવી દેવામાં આવ્યો, ગેલીલીયોને રેક ઉપર ખેંચવામાં આવ્યો. નંદસંતોને જીવતા સળગાવી દેવામાં આવ્યા.

આ સંદેશને સમજવા માટે સનત્ઝુએ લખેલી **'ધ આર્ટ ઓફ વોર'**માની બે હજાર વર્ષ જૂની **ચીના વાર્તા** ખૂબ ઉપયોગી નીવડશે.

પોતાના આ પુસ્તકમાં સનત્ઝુ એક ટાપુ પર ચઢાઈ કરવાની તૈયારી સાથે નીકળેલા યોદ્ધાઓ અને તેમના **સરદાર**ની વાત કહે છે. દસ નાની હોડીઓમાં બેસીને તેઓ સૌ ટાપુ પાસે આવી પહોંચ્યા. શત્રુ પર વાર કરવા સૌ યોદ્ધા તત્પર અને તૈયાર છે. ટાપુની નગરી સુધી પહોંચવા એમને એક નાનકડી ટેકરી ચઢીને પેલે પાર પહોંચવાનું છે.

ટેકરીની ટોચે પહોંચતાં સૌ આગળ વધે તે પહેલા જ, એમના સરદારે પાછા ફરીને એમની હોડીઓનું શું થયું તે જોવા કહ્યું. પોતાની હોડીઓને સળગતી જોઈ સૌ થથરી ઊઠ્યા. એમના સરદારે જ બધી હોડીઓ સળગાવી દીધી હતી. અને નાસી છૂટવાના એમના એક માત્ર સાધનનો ખાત્મો બોલાવી દીધો હતો.



"થોમસ એડીસનને વિજળીથી ચાલી શકે તેવા લેમ્પનું સ્વપ્ન સેવ્યું, એ સ્વપ્ન સાકાર કરવા કામગીરી શરૂ કરી અને દસ હજાર કરતાં વધુ વખત નિષ્ફળ ગયા. છતાં કામગીરી ચાલુ રાખી અને સફળતા મેળવી. વિદ્યુત શક્તિ નાથી તેમણે લાખ્યો ઘરો અને હજારો શેરીઓને પ્રકાશથી ઝળહળતા કર્યા છે. તેમણે જ 'મુવી' કેમેરા બનાવી દરેક એક્શનને કચકડે કંડારી છે. સાચા સ્વપ્નદષ્ટાઓ તેમના પ્રયત્નો છોડી દેતા નથી. દૃઢ સંકલ્પ શક્તિ ધરાવનાર વ્યક્તિ અનેકવાર નિષ્ફળ જવા છતાં પોતાની વાસ્તવિક્તાઓને વળગી રહે છે."

આ લોકો હવે કેવી રીતે હુમલો કરશે એમ તમે માનો છો ? લડાઈ વખતે સામેથી થતા પ્રહારોનો તેઓ કેટલી મક્કમતાથી સામનો કરશે?

તમારી આધ્યાત્મિક વાત હોય કે કારકિર્દીની અથવા તો બીજી કોઈ પણ બાબત હોય, જો તમારી નિષ્ઠા અને પ્રતિબદ્ધતા અંગે ગંભીર હો, તો તમારા જીવનમાં ભાગી છૂટવા માટેની છટકબારી સામી હોડીઓ સળગાવવાનો નિર્ણય કરી લેવો જોઈએ. કારણ કે જો છટકવાનો રસ્તો રાખ્યો હશે તો કોઈપણ આફત આવી પહોંચતા જ એ છટકબારીમાંથી નાસી છૂટવાનો તમને લોભ જાગશે અને તમારી ધ્યેયસિદ્ધિ તરફની મજલમાંથી તમે પીછેહઠ કરશો.

નેપોલિયન હિલના આ સોનેરી વાક્યમાં આ **શાશ્વત સત્ય** સુંદર રીતે કહેવાયું છે, જે આપણા દિલ-દિમાગમાં અમીટ અંકાઈ જવું જોઈએ. એ છે, 'માનવીનું મન જે કાંઈ કલ્પના કરી શ્રદ્ધાપૂર્વક ધારણ કરે, તે સિદ્ધ થઈને જ રહે છે !'

એક યુવાને સોક્રેટીસને **સફળતાનું રહસ્ય** પૂછ્યું. સોક્રેટીસે એ યુવાનને બીજા દિવસે સવારે નદી પાસે મળવાનું કહ્યું. તેઓ મળ્યા. સોક્રેટીસે પેલા યુવાનને પોતાની સાથે નદીમાં ચાલવાનું કહ્યું. પાણી જ્યારે ગરદન સુધી પહોંચ્યું ત્યારે સોક્રેટીસે પેલા યુવાનને પાણીમાં ડુબાડ્યો.

યુવાન બિચારો બહાર આવવા તરફડવા લાગ્યો, પણ સોક્રેટીસ શક્તિશાળી હતો અને યુવાન ભૂરો પડવા લાગ્યો. ત્યાં સુધી એને પાણીમાં ડૂબાડી રાખ્યો. સોક્રેટીસે જેવો એને પાણી બહાર કાઢ્યો કે તેણે સૌથી પહેલા ડચકાં ખાતાં હવાનો ઊંડો શ્વાસ લીધો.

સોક્રેટીસે તેને પૂછ્યું : 'જ્યારે તું પાણીની અંદર હતો ત્યારે તારી સૌથી તીવ્ર ઝંખના કઈ હતી ?'

ત્યારે તે યુવાન બોલ્યો : 'ચોક્કસ, **હવા** વળી !'

સોક્રટીસે કહ્યું : 'બસ, આ જ છે **સફળતાની ગુરુચાવી.** જ્યારે તારું માથું પાણીની અંદર હતું, અને તને હવાની જેટલી **તીવ્ર ઝંખના** હતી, તેટલી જ તીવ્રતાથી તું **સફળતા** ઝંખીશ ત્યારે તે પ્રાપ્ત થશે !'

માણસની ઉંમર કેટલી છે, તે મહત્ત્વનું નથી, પરંતુ **સંકલ્પની દૃઢતા** કેટલી છે એ જ મહત્ત્વનું છે.

મોઝાર્કે ૬ વર્ષની ઉંમરે સંગીતના જલસા શરૂ કરી દીધા હતા, તો માઈક એન્જલોએ ૮૭માં વર્ષે એની સર્વાધિક વિખ્યાત કૃતિ બનાવી હતી. પિટ્ટ ૨૪માં વર્ષે વડાપ્રધાન બન્યા, જ્યારે ગ્લેડસ્ટોન ૮૩માં વર્ષે કોલરિજે ૨૫ વર્ષે એની જગવિખ્યાત કવિતા 'ધ એન્શિયન્ટ મેરીનર' રચી, અને લીઅનાર્ડો દ વિન્ચી ૭૭ વર્ષના હતા ત્યારે એમણે પ્રખ્યાત 'ધ લાસ્ટ સપર' ચિત્ર બનાવ્યું.

તો પછી ઉંમરનું આ તૂત શું છે ? શું આ નરી ભ્રમણા નથી કે કોઈ ઉપયોગી કામ કરવા માટે માણસ



તમે સવારે ચાર વાગ્યે ઉઠવાનો દૃઢ સંકલ્પ કર્યો હોય તો એલાર્મ વાગે એ પહેલા શું ઊઠી નથી જતા ? આ હકીકત દરેકના જીવનમાં બની જ હોય છે. સાચી વાત તો એ છે કે, સંકલ્પશક્તિ એવી કોઈ સાચી કે ખોટી બાબત નથી. જેના વિષે શ્રદ્ધા ઉપરાંત તીવ્ર ઈચ્છા રાખવામાં આવે તો તેને સાકાર કરી ન શકાય. આ લાક્ષણિકતાઓ મુક્ત છે, અને કોઈપણ હાંસલ કરી શકે છે. મનમાં અતિમાનુષ શક્તિ રહેલી છે. જે વિચાર-તરંગોને વાંચી શકે છે. જે વિચાર-તરંગોને ઈથરમાં ભૂંસાઈ ન જાય તેવી રીતે અંકિત થઈ ગયા હોય છે. રેડીયોની શોધે આ વિચાર-તરંગો વિષે શંકા કરનારા સૌ કોઈના મુખ બંધ કરી દીધા છે. આ વિચાર-તરંગો વિષે માનવી જ્યારે જાણશે ત્યારે તેને ખબર પડશે કે આજના અને આવતીકાલના જ્ઞાન વચ્ચે કેટલું મોટું અંતર રહેલું છે. મગજમાંથી નીકળતા દરેક વિચાર-તરંગો ઈચ્છીત વસ્તુને સિદ્ધ કરી આપે છે. આ તરંગો તેવા કરી શકે તેમ નથી. આપણા વિચારો અને કાર્યો એક લોહચૂંબક જેવા છે. પરંતુ તે લોહચૂંબક સમાન ધ્રુવોને જ આકર્ષે છે. સમાન વિચારો અને કાર્યો જ સમાન વ્યક્તિઓને આકર્ષે છે. આ સંકલ્પશક્તિને સમજાવી શકાતી નથી, અનુભૂતી જ થઈ શકે છે.

ખૂબજ નાનો પડે છે અથવા તો ઘરડો પડે છે ? માણસની સર્જનશીલ જિંદગીનો આરંભ ૮મે અથવા ૮૦મે વર્ષે પણ શરૂ થઈ શકે. મહાન માણસના જીવનચરિત્ર વાંચીએ ત્યારે આ **તથ્યનું** આપણને **ભાન** થાય છે.

મહારથીઓએ સિદ્ધ કરીને ટકાવેલી ઊંચાઈઓ, કોઈ હનુમાન-કૂદકાથી સર કરી નહોતી. પરંતુ જ્યારે એમના સાથીદારો હૂંફાળો સોડ તાણી સૂતા હતા ત્યારે આ મહાનુભાવો રાતભર **કઠોર પરિશ્રમ** કરવા લાગ્યા હતા!

ગ્લેડવેલે તારવ્યું હતું કે, આ મહાન સંગીતકારોએ ૧૦,૦૦૦ કલાકો સુધી **પ્રેક્ટીસ** કરી હતી. સંગીત ચિત્રકામ, ચેસ, રમત-ગમત વગેરેમાં માસ્ટર બનવા માટે આટલા કલાકોની પ્રેકટીસ જરૂરી છે. મોઝાર્ટે તેમના અદ્‌ભુતપૂર્વ **પર્ફોર્મન્સ** માટે ૨૦ વર્ષ કરતાં વધુ સમય લીધો હતો અને ત્યાં સુધી તેમણે ૧૦,૦૦૦ કલાક જેટલી પ્રેકટીસ કરી હતી.

જો તમારે સફળ થવું હોય તો તમારે જીવનમાં વહેલી તકે શરૂઆત કરવી જોઈએ. જેથી તમે આ ૧૦,૦૦૦ કલાકો ફાળવી શકો. ફાઈનાન્શિયલ જગતના માંધાતા ગણાતા વોરન બફેટે ૧૧ વર્ષની ઉંમરે તેમનો પહેલો શેર ખરીદ્યો હતો. બિલ ગેટ્સે સોફ્ટવેરનો પહેલો કોડ લખ્યો ત્યારે તેમની ઉંમર માત્ર ૧૩ વર્ષની હતી.

વાત કરીએ એ માણસની જેણે **૧૫ વર્ષની ઉંમરે** ગુજરાત સામેની મેચમાં મુંબઈ વતી તેની પ્રથમ ફર્સ્ટ કલાસ મેચમાં અણનમ સદી ફટકારી હતી. ફર્સ્ટ કલાસ મેચમાં પ્રવેશ સાથે જ સદી ફટકાવનારો તે સૌથી યુવાન ભારતીય ખેલાડી હતો. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૦,૦૦૦થી વધુ રન ખડકવાની સિદ્ધિ પણ મેળવી છે. હા, આ ખેલાડી હતો - **સચીન તેંડુલકર.** જેને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જી. અબ્દુલ કલામ સાહેબ **'દેશની ધડકન'** ગણાવે છે. હજુ પણ તે પીચ પર હોય ત્યાં સુધી તેનું બેટ રનના ઢગલા કરે છે અને તે આઉટ થાય પછી જ હરીફ ટીમને રાહત થાય છે. આખી દુનિયા આજે તેની મહાનતાના વખાણ કરે છે. તેઓ એક વાત ભૂલી જાય છે કે જ્યારે બીજા બાળકો તેમનું બાળપણ માણતા હતા ત્યારે સચીન નેટમાં આખો દિવસ પરસેવો પાડીને **પ્રેક્ટીસ** કરતો હતો.

બિલ ગેટ્સ વિશ્વની સૌથી વિશેષ **ધનિક વ્યક્તિ** છે અને આજે પણ તેઓ દિવસના ૧૬ થી ૧૮ કલાક સુધી કામ કરે છે. પ્રતિભાશાળી વ્યક્તિને સફળ વ્યક્તિથી અલગ તારવવી વસ્તુ હોય તો તે છે કે નિરંતર **આકરી મહેનત** કરવાની જબરદસ્ત **'ઘેલછા.'**

દૃઢ સંકલ્પ શક્તિ ને આકરી મહેનત અંગેની એક માન્યામાં ન આવે તેવી વાત જાણો છો ? એક માણસે આ સાબિત કરી દેખાડ્યું.

એ જ્યારે સાત વર્ષનો હતો ત્યારે કાયદાકીય ગૂંચને કારણે એના મા-બાપને ઘરમાંથી બહાર ધકેલી મૂકવામાં આવ્યા હતા. અને તેમને ટેકો કરવા એને કામ શોધવું પડ્યું હતું. નવ વર્ષની વયે, એની માતાનું અવસાન થયું અને બાવીસમાં વર્ષે એક દુકાનમાં ગુમાસ્તા તરીકેની તેમણે નોકરી ગુમાવી દીધી. એને કાયદાનો અભ્યાસ કરવાની ઈચ્છા હતી. પરંતુ એ સારો અભ્યાસ પણ ન કરી શક્યો.

ત્રેવીસ વર્ષનો થયો ત્યારે એક નાનકડી દુકાનમાં ભાગીદારીમાં જોડાવા તેણે દેવામાં ફસાવું પડ્યું. છવ્વીસમાં વર્ષે એનો ભાગીદાર પાછળ મોટું દેવું કરીને અવસાન પામતાં, તેને દેવું ચૂકવતા વર્ષો લાગ્યાં. અઠ્યાવીસમાં વર્ષે, ચાર વર્ષથી પરિચયમાં આવેલી છોકરીને તેણે પરણવા માટે પૂછ્યું. તે છોકરીએ તેમને નન્નો ભણી દીધો !

સાડત્રીસ વર્ષની ઉંમરે, ત્રીજા પ્રયત્ને એ કોંગ્રેસમાં ચૂંટાઈ આવ્યો, પરંતુ બે વર્ષે પછી ફરી હારી ગયો. એકતાલીસમાં વર્ષે એનો ચાર વર્ષનો દીકરો ગુજરી ગયો. પિસ્તાલીસની

વયે તે સેનેટ માટે ઊભો રહ્યો અને હાર્યો. સુડતાલીસમાં વર્ષે, પોતાના પક્ષના ઉપપ્રમુખની ઉમેદવારીમાં હાર્યો. ઓગણપચાસમાં વર્ષે સંસદમાં જવા ઊભો રહી, તેણે ફરી હાર ખાધી. એકાવનમાં વર્ષે એ અમેરીકાના પ્રમુખ તરીકે ચૂંટાયો.

એનું નામ : **'અબ્રાહમ લિંકન !'** વિશ્વના મહાન નેતાઓમાંના એક...!!

અબ્રાહમ લિંકન તેમના નેતૃત્વનું ધ્યેય, અમેરીકાની જનતાને સત્ય, ન્યાય અને સમજદારીના માર્ગે લઈ જવાનું હતું. તેઓ તેમના તે સિદ્ધાંતો ખાતર શહીદ બની ગયાં, છતાં તેમણે સત્ય, ન્યાય અને સમજદારીના સિદ્ધાંતો ન છોડ્યા. કારણ કે તે તેના હૃદય અંકિત થયેલા હતા. તેઓનું નામ આજે જગતના કરોડો લોકોના હૃદયમાં અંકિત થયેલું છે.

**થોમસ એડીસને** વિજળીથી ચાલી શકે તેવા **લેમ્પનું સ્વપ્ન** સેવ્યું, એ સ્વપ્ન સાકાર કરવા કામગીરી શરૂ કરી અને દસ હજાર કરતાં વધુ વખત નિષ્ફળ ગયા. છતાં **કામગીરી** ચાલુ રાખી અને સફળતા મેળવી. વિદ્યુત શક્તિ નાથી તેમણે લાખ્ખો ઘરો અને હજારો શેરીઓને પ્રકાશથી ઝળહળતા કર્યા છે. તેમણે જ 'મુવી' કેમેરા બનાવી દરેક એકશનને કચકડે કંડારી છે. સાચા સ્વપ્નદૃષ્ટાઓ તેમના **પ્રયત્નો** છોડી દેતા નથી.

દૃઢ સંકલ્પશક્તિ ધરાવનાર વ્યક્તિ અનેકવાર નિષ્ફળ જવા છતાં પોતાની **વાસ્તવિકતાઓ**ને વળગી રહે છે. તે તેના હિતોને લાભ કરે છે કે નહિ તે વિચારતો પણ નથી. આથી તો તે ટોચ ઉપર પહોંચે છે અને પોતાનું નિશ્ચિત **મુખ્ય ધ્યેય** પ્રાપ્ત કરે છે.

બે દેડકાં મલાઈ ભરેલા વાડકામાં પડી ગયા. એમાંનો એક આશાવાદી જીવ હતો. પરંતુ બીજાએ તો રોદણાં આદરી દીધાં. 'હવે આપણે ડૂબી મરવાના !' અને અંતિમ દર્દનાક ચીસ પાડીને પોતાના પગ ઊડાડીને બોલ્યો : 'આવજે મારા ભાઈ !' પેલા બીજા દેડકાએ મક્કમ અવાજે કહ્યું : 'બહાર તો હું પણ નીકળી નથી શકતો, પણ હું હાર માનીશ નહીં. શક્તિના છેલ્લા બુંદ સુધી હું તરતો રહીશ, પછી મરીશ તો પણ સંતોષથી.' એણે પોતાની યોજના પાર પાડવા હિંમતથી ગોળ ગોળ તરવાનું ચાલુ રાખ્યું. અને એની હલચલને પરિણામે મલાઈમાં જાણે વલોણું ફરવા લાગ્યું. જેમ જેમ એ તરતો ગયો, એના પગ ફરતા રહ્યા, તેમ તેમ મેળવેલી મલાઈ માખણમાં વલોવાતી ગઈ. અંતે માખણની ટોચ પર એ આવી ઊભો અને ઝટ દઈને એ વાટકા બહાર કૂદી પડ્યો. બોધપાઠ સ્વયં સ્પષ્ટ છે ! સહેજે સમજાય તેવો ! જો બહાર કૂદી શકો તેમ ના હો તો કમ સે કમ તરવાનું ચાલુ રાખો !!

બીજું વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે આ માણસ **ટોયોટા** મોટર કોર્પોરેશનમાં એન્જિનિયરની નોકરી મેળવવા માટે ગયો, પણ તેને નકારી કાઢવામાં આવ્યો. ચોઈચિરોએ જરાય આશા ન ગુમાવી અને પછી પોતાની કંપની શરૂ કરી - જે આજે **'હોન્ડા'** ના નામે ઓળખાય છે.

બીથોવનને મ્યુઝીક ટીચરે તેને કહ્યું હતું કે, એક કમ્પોઝર તરીકે તું સાવ **નીરસ** છે. પરંતુ બીથોવનનું સંગીત આજે પણ એટલું જ **જીવંત** લાગે છે.

આ સૌએ વિશ્વને એક જ વસ્તુ બતાવી દીધી હતી કે, જો તમે તમારા પોતાનામાં **વિશ્વાસ** રાખશો તો આખી દુનિયા ભલે ગમે તે કહેતી હોય, પણ તમે જે કરવાની ઈચ્છા રાખતા હોવ તે ચાલુ રાખવાની તમારામાં જબરદસ્ત **પ્રતિબદ્ધતા** હોવી જોઈએ. તો તમે જરૂર **સફળ** થશો.

બીથોવન કાનેથી સાંભળી શકતા નહોતા તો મિલ્ટન પ્રજ્ઞાચક્ષુ (અંધ) હતા. પરંતુ અનંતકાળ સુધી તેમના નામો અમર રહેશે. કેમ કે બંનેએ સ્વપ્ન સેવ્યા હતા એટલું નહીં, પરંતુ તેને નક્કર સ્વરૂપમાં સાકાર પણ કર્યાં હતા.

હેલન કેલર જન્મના થોડા જ સમયમાં બહેરા, મુંગા અને દૃષ્ટિહીન થઈ ગયા હતાં. જીવનની આવી ગંભીર કમનસીબી છતાં તેઓ ઈતિહાસમાં મહાન વ્યક્તિઓની હરોળમાં સ્થાન મેળવી શક્યા છે. તેમના સમગ્ર જીવન ઉપરથી એ હકીકત પુરવાર થાય છે કે, નિષ્ફળતાને સામે ચાલીને સ્વીકારી લેવામાં ન આવે ત્યાં સુધી ક્યારેય કોઈની હાર થતી નથી.


પ્રખ્યાત કવિ અને લેખક **જહોન મિલ્ટન** અંધ હતા.

આપણા ભક્તકવિ **સુરદાસ**ને પણ આંખો ક્યાં હતી ?


૧૯૯૪માં મિસ અમેરીકા જાહેર થયેલી હીયર વ્હાઈટ સ્ટોન બધિર છે.

ઈંગ્લેન્ડનો **સ્ટીવન હોકિન્સ** મગજ સિવાય બધી રીતે અશક્ય અને પાંગળા છે. છતા પણ તીવ્ર સંકલ્પશક્તિને જોરે આજે વિશ્વના **મહાન વૈજ્ઞાનિક** છે.


આઠ વર્ષની ઉંમરે ડેવિડ હાર્ટમેનને અંધાપો આવ્યો. ડૉકટર બનવું એ તેનું સ્વપ્ન હતું. તે જ્યારે ટેમ્પલ યુનિવર્સિટી મેડીકલ સ્કૂલમાં પ્રવેશ લેવા ગયા ત્યારે તેને કહેવામાં આવ્યું કે આ અગાઉ ક્યારેય કોઈ અંધ વ્યક્તિએ મેડીકલ સ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો નથી. એમ કહી તેને પ્રવેશ અપાયો નહીં. જો કે તેણે આને પડકાર ગણી ૨૫ સંપૂર્ણ મેડીકલ પાઠ્યપુસ્તકોને ઓડીયો કેસેટ દ્વારા 'વાંચી'ને પોતાની ક્ષમતા બતાવી દીધી. ૨૭ વર્ષની વયે એ એવા પ્રથમ વિદ્યાર્થી બન્યા કે જેણે મેડીકલ સ્કૂલનો અભ્યાસ અંધ હોવા છતાં પૂરો કર્યો હોય!!




પાણિનિમુનિ



સ્વામી વિવેકાનંદજી



સરદાર વલ્લભભાઈ પટેલ



પાયથાગોરસ

મેરેથોન દોડની રમતવીર જોઆના બેનોઈટને યુ.એસ ઓલિમ્પિક ટ્રાઈલના ફક્ત સત્તર દિવસ પહેલા ઘૂંટણનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. પરંતુ તેની દઢતાને કારણે પોતાની ટીમને ખમીર પૂરું પાડવા ઉપરાંત એના ઈવેન્ટમાં સૌપ્રથમવાર તેણે ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતી દેખાડ્યો.

કિંગ કેમ્પ જીલેટે જ્યારે એક **ક્રાંતિકારી સ્વપ્ન**ની વાત કરી તો રોકાણકારો ધાતુના ઈજનેરો અને નિષ્ણાંતોએ એની હાંસી ઊડાવી. તેઓ એવું માનતા હતા કે, દાઢી કરવાના રેઝરને વધુ ધારદાર અને તે પણ એટલી સસ્તી કિંમતે કે જ્યારે તેની ધાર ઓછી થઈ જાય ત્યારે તેને ફેંકી દઈ શકાય એવું રેઝર બને જ નહીં. જીલેટે ચાર વર્ષ મહેનત કરી ફેંકી દઈ શકાય તેવું રેઝર બનાવ્યું અને બીજા છ વર્ષ આ રેઝરને દુકાનોમાં મૂકવા માટે લાગ્યાં. પ્રથમ વર્ષે ફક્ત ૫૧ બ્લેડો વેચાઈ. પરંતુ બીજા વર્ષે આ આંકડો ૯૦, ૮૮૪ ઉપર પહોંચી ગયો. આમ જીલેટની જોખમ ખેડીને થયેલી શોધે શેવિંગ ઉદ્યોગમાં એવી નવી ક્રાંતિનું **સર્જન** કર્યું.

સ્ટીવન સ્પિલબર્ગને એક સમયે શીખવામાં તકલીફ અનુભવતા બાળકો સાથે બેસાડવામાં આવ્યા હતા. માઈકલ જોર્ડનને તેની હાઈસ્કૂલની બાસ્કેટ બોલની ટીમમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતાં. વિન્સન્ટવાન ગોગે તેની આખી જિંદગીમાં માત્ર એક જ ચિત્ર વેચ્યું હતું. આ **સામાન્ય નિષ્ફળતાઓ** બાદમાં અભૂતપૂર્વ **સફળતા**માં પરિણમી તેની પાછળનું કારણ હતું - ટકી રહેવાની ક્ષમતા. જ્યારે કોઈએ તેમને તક ન આપી, જ્યારે આખી દુનિયાએ તેમને નિષ્ફળ માણસ ગણાવી દીધા ત્યારે ટકી રહેવાની દઢ સંકલ્પશક્તિ અને સખત મહેનત જ તેમને સફળતા તરફ દોરી ગઈ.

જો એકવખત તમોને તમારામાં જ અશ્રદ્ધા જન્મી તો, આત્મસૂચનો પણ આત્મમનને નકારાત્મક જ મળશે. પરંતુ જો તમો તમારા આંતરમનને તેજસ્વી આત્મશ્રદ્ધાથી ભરપૂર સભર કરે એવા જ **સ્વ-સૂચનો** પાઠવતા રહેશો અને સાફલ્યને જ તમારું **જીવન-લક્ષ્ય** બનાવી દેશો તો તમો **સફળ** થશો જ.

માર્ટિન **લ્યૂથર કિંગ** કહે છે : 'માણસને રસ્તા પરના સફાઈકારનું કામ સોંપવામાં આવે, તો એણે રસ્તા એ રીતે વાળવા જોઈએ કે જેમ માઈકલ એન્જલોએ ચિત્રો દોર્યાં, કે બીથોવને સંગીતના સૂર વહેવડાવ્યા કે શેક્સપિયરે કવિતા રચી.'

એણે શેરીઓ વાળી ઝુડીને એવી ચોખ્ખીચટ બનાવવી જોઈએ કે સ્વર્ગ અને પૃથ્વીના તમામ આગંતુકો ઘડીભર થોભી કહે કે, અહીં મહાન સફાઈકાર રહેતો હશે, જેણે પોતાનું કામ કેવું શ્રેષ્ઠપણે બજાવ્યું છે !!


તમારામાં જ શ્રદ્ધા રાખો, તમો શું કરી શકો છો, તે દુનિયાને કહો નહીં પણ કરી દેખાડો. અન્ય વાસ્તવિકતા તે છે કે, તમોને ખબર નથી કે તમારામાં કેટલી **અગાધ શક્તિઓ** રહેલી છે. તે રાહ જુવે છે માત્ર તેને જાગૃત કરનાર સ્પર્શની. સ્પર્શને વિજ-પ્રવાહી બનાવનાર દર્શનની તમારી આત્મશ્રદ્ધા જાગૃત થતાં તમારામાં રહેલી અનેકવિધ શક્તિઓ **પ્રગલ્લભિત** થશે.

અદ્‌ભુત છે, માનવીનું મન તે **રહસ્યમય** છે ? ના, તે **સ્વયં રહસ્ય** છે. કુદરતે કોઈ દેખીતા સ્પષ્ટ સ્વરૂપ વિના 'મનોરાસાયણિક પ્રક્રિયા'નો અસાધારણ અને શક્તિશાળી સિદ્ધાંત આપ્યો છે. જેના દ્વારા મજબૂત ઈચ્છા જાગે છે અને એવી ઈચ્છા કદી અશક્ય શબ્દની ઓળખાણ નથી કરતી અને નિષ્ફળતા જેવી કોઈ બાબતને સ્વીકાર નથી કરતી.

એ હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી કે, દઢ સંકલ્પ, તીવ્ર ઈચ્છા અને કલ્પના દરેકના જીવનમાં વાસ્તવિક બને જ છે.

કલ્પના શક્તિ શું કરી શકે તેનું ઉદાહરણ **'ક્લોમેટ - કોપ માઈન'** છે. હજારો લોકો તેની ઉપરથી ચાલ્યા હશે, પરંતુ માત્ર એકજ વ્યક્તિને ત્યાં ખોદકામ કરવાનું સૂજ્યું. અને જગતની સૌથી મોટી ત્રાંબાની ખાણ અત્યારે ત્યાં જ સક્રિય છે. આ ક્લૉમેટની પરિકલ્પનાનું જ ફળ છે.

તમે સવારે ચાર વાગ્યે ઉઠવાનો **દઢ સંકલ્પ** કર્યો હોય તો એલાર્મ વાગે એ પહેલા શું ઊઠી નથી જતા ? આ




આઈન્સ્ટાઈન



યુરી ગાગારીન



થીયોડોર રૂઝવેલ્ટ



વૂડ્રો વિલ્સન



હકીકત દરેકના જીવનમાં બની જ હોય છે. સાચી વાત તો એ છે કે, સંકલ્પશક્તિ એવી કોઈ સાચી કે ખોટી બાબત નથી. જેના વિષે શ્રદ્ધા ઉપરાંત તીવ્ર ઈચ્છા રાખવામાં આવે તો તેને સાકાર કરી ન શકાય. આ **લાક્ષણિકતાઓ** મુક્ત છે, અને કોઈપણ હાંસલ કરી શકે છે. મનમાં **અતિમાનુષ શક્તિ** રહેલી છે. જે વિચાર-તરંગોને વાંચી શકે છે. જે વિચાર-તરંગો ઈથરમાં ભૂંસાઈ ન જાય તેવી રીતે અંકિત થઈ ગયા હોય છે. રેડીયોની શોધે આ વિચાર-તરંગો વિષે શંકા કરનારા સૌ કોઈના મુખ બંધ કરી દીધા છે. આ **વિચાર-તરંગો** વિષે માનવી જ્યારે જાણશે ત્યારે તેને ખબર પડશે કે આજના અને આવતીકાલના જ્ઞાન વચ્ચે કેટલું મોટું અંતર રહેલું છે. મગજમાંથી નીકળતા દરેક વિચાર-તરંગો ઈચ્છીત વસ્તુને સિદ્ધ કરી આપે છે. આ તરંગો તેવા છે કે, જેની સાથે કોઈ માનવી અટકચાળા કરી શકે તેમ નથી. આપણા વિચારો અને કાર્યો એક લોહચૂંબક જેવા છે. પરંતુ તે લોહચૂંબક સમાન ધ્રુવોને જ આકર્ષે છે. સમાન વિચારો અને સમાન કાર્યો જ સમાન વ્યક્તિઓને આકર્ષે છે. આ **સંકલ્પશક્તિ**ને સમજાવી શકાતી નથી, અનુભૂતી જ થઈ શકે છે.

હરેક માનવીની સફળતાની પ્રક્રિયામાં દઢ સંકલ્પશક્તિનું બીજ સૂતેલું પડ્યું છે. તેને જગાડવામાં આવે તો તેમને એટલી અસાધારણ ઊંચાઈ એ લઈ જાય, જ્યાં પહોંચવાની તેમણે ક્યારેય કલ્પના પણ કરી ન હોય.

અબ્રાહમ લિંકને ૪૦ વર્ષની ઉંમર સુધી જે કંઈ કર્યું તેમાં માત્ર **નિષ્ફળતા** જ મળી હતી. તેમને જીવનમાં એક **જબરદસ્ત અનુભવ** ન થયો ત્યાં સુધી તો તેઓ સાવ સામાન્ય માનવી હતા. જેની કોઈ ક્યાંય નોંધ નહોતું લેતું. પરંતુ આ અનુભવે તેમના મન અને હૃદયમાં સૂતેલા જીનિયસને જગાડી દીધો અને આ વિશ્વને એક **મહાન માણસ** મળ્યો. એટલે જ તો ચેએ કહ્યું હતું કે, 'નિષ્ફળતાનો એવો મતલબ થતો નથી કે જે હેતુ માટે તમે લડી રહ્યા હતા તે અર્થહીન હતો.'

દઢ સંકલ્પશક્તિ ધરાવતા વ્યક્તિના મુખ ઉપર જ એક જુદી ઓરા ઝલકતી જોઈ શકશો. તેના શરીરનું હલનચલન જ કહી આપશે કે આ વ્યક્તિ સફળ છે. મહાન પુરુષો પોતાના દઢ સંકલ્પને અનુસરતા અજાણ સફરે ઊપડી જાય છે. સંશોધકો શોધે છે, સાહસિકો ખેડતા રહે છે, ઈમારતો બાંધનારા મકાનો બાંધ્યા કરે છે, લેખકો લખે છે, ગાયકો ગાય છે, નૃત્યકારો નાચે છે. જેમનામાં દઢ સંકલ્પશક્તિ છે તેઓ પોતાના ધ્યેયને કેવળ દઢ સંકલ્પશક્તિને આધારે સફળ અને લોકપ્રિય થયા છે તેનું કારણમાત્ર એટલું જ છે કે, તેમણે તેમની **રચનાત્મક સંકલ્પશક્તિ**ને વિકસાવી હતી.

'દઢ મનોબળની સામે પર્વતો પણ હટી જાય છે.' આ કહેવતને તામિલનાડુમાં જન્મેલી **સુધાચંદ્રન** નામની એક બાળકન્યાએ સિદ્ધ કરી બતાવી. તેઓ બાળપણથી જ નૃત્યનો શોખ ધરાવતી હતી. તેને મોટી થઈને વિખ્યાત ભારતીય નૃત્યની નૃત્યાંગના બનવાની મહેચ્છા હતી. પરંતુ તે દસ વર્ષની થઈ ત્યારે એક દિવસ ટ્રક અકસ્માતમાં તેના બંને પગને ગંભીર ઈજાઓ થઈ. શરીરમાં સડો વધુ ન પ્રસરે તે માટે ડૉક્ટરોએ ઓપરેશન કરી તેનો એક પગ કાપી નાખ્યો. નૃત્યાંગના બનવાના તેના અરમાનોનો ભાંગીને ભૂક્કો થઈ ગયો. નૃત્યકલા જેના આધારે ફાલેફૂલે તે પગ જ ન હોય તો શું ઉપાય ? પરંતુ સુધાચંદ્રન કોઈ જુદી જ માટીની હતી. તે હિંમત હારી નહિ. જયપુર જઈ તેણે પોતાના પગની સારવાર કરાવી અને કૃત્રિમ પગ બેસાડ્યો. પૂરા ઉત્સાહ અને દઢ મનોબળથી તેણે આ નકલી પગ વડે નૃત્ય શીખવાનો આરંભ કર્યો અને ધીમે ધીમે તેમાં પારંગત બની ગઈ. આજે એ ભારતની શ્રેષ્ઠ નૃત્યાંગના ગણાય છે. તેના જીવનની કથા ઉપરથી ભારતીય સંસ્કૃતિના નૃત્યને દેખાડતી. 'નાચે મયૂરી' નામની

હિન્દી ફિલ્મ પણ ઊતરી છે. જેમાં મુખ્ય અભિનેત્રી તરીકે તેણે જ કામ કર્યું છે. દર્શકોએ જેને ખૂબ વખાણી છે તેવી આ ફિલ્મને રાષ્ટ્રીય પારિતોષિક પણ પ્રાપ્ત થયું છે. આ ફિલ્મમાં અદ્‌ભુત નૃત્ય કરતી આ નૃત્યાંગના જ્યારે મયૂરીની જેમ નાચે છે ત્યારે કોઈને ખ્યાલ પણ નથી આવતો કે તેનો એક પગ નકલી છે.

'सोत्साहानां नास्त्यसाध्यं नराणां मार्गारब्धाः सर्वयत्ना फलन्ति ।' - 'ઉત્સાહવાળા મનુષ્ય માટે કશું અસાધ્ય નથી, યોગ્ય માર્ગે આરંભેલા બધા યત્નો ફળે છે.'

સ્વામી વિવેકાનંદજી ઈંગ્લેન્ડમાં લંડનના ભવ્ય પાર્કમાંથી પસાર થતા હતા. સરોવરની પાળે કેટલાક અંગ્રેજો રમત રમતા હતા. સરોવરના પાણી ઉપર સો ફૂટ દૂર એક રબ્બરનો દડો તરતો હતો. તેનું નિશાન લેવાનું હતું. પ્રહાર કરવા માટે પ્રત્યેક રમતવીરને પાંચ પાંચ પથ્થરો આપવામાં આવતા હતા. પાંચ પ્રયત્નોમાં દડાના નિશાનને આંટી જાય તે જીતે. કોઈપણ અંગ્રેજ નિશાન વીંધી શકતા ન હતા. કારણ કે પાણીની સપાટી ઉપર તરતો દડો આમતેમ ડોલ્યા કરતો હતો. નિશાન અસ્થિર અને નિશાનબાજો પણ અસ્થિર સ્વામીજી ઊભા રહ્યા અને સ્મિત કરતા કરતા રમત જોઈ રહ્યા. ભગવા વસ્ત્રોમાં ઊભેલા ભારતીય સાધુને જોઈ ટીમના કેપ્ટને સ્વામીજીને કહ્યું : 'Will you Like to Play' (આપને રમવું ગમશે.) સ્વામીજીએ કહ્યું : 'yes of course' હા, અલબત જો આપની ઈચ્છા હોય મને રમવું ગમશે. પછી ટીમનો કેપ્ટન સ્વામીજીને પ્રહાર કરવા માટે પાંચ પથ્થરો આપવા લાગ્યો. સ્વામીજીએ કહ્યું : 'મને પાંચ પથ્થરોની જરૂર નથી, એક જ આપો.' અને સંપૂર્ણ સ્વસ્થતા, એકાગ્રતા અને દૃઢ સંકલ્પથી પથ્થર ફેંક્યો. નિશાન બરાબર દડા ઉપર લાગ્યું અને ત્યાં ઉપસ્થિત સર્વે અંગ્રેજો આ ચમત્કારથી અંજાઈ ગયા. તાળીના ગડગડાટથી સ્વામીજીને વધાવી લીધા. સ્વામીજીને આ ચમત્કારનું રહસ્ય પૂછ્યું. ત્યારે સ્વામીજીએ કહ્યું : **'દૃઢ સંકલ્પ એ જ સફળતાનું મુખ્ય રહસ્ય છે.'**

ભારતના યુવાનોને સંબોધીને **સ્વામી વિવેકાનંદજી** કહે છે કે, 'સંકલ્પશક્તિ અને વિદ્યાના બળે જેણે **ચારિત્ર્યનું ઘડતર** કર્યું છે એજ યુવાન **દેશનું ઘડતર** કરશે.'

એક **ચિંતુ** નામનો બાળક ધનથી ગરીબ હતો, પણ વિચારથી અતિ અમીર હતો. પૂનાની શેરીના આગેવાને તેને કહ્યું : 'જો ચિંતુ તારે ઓટલે સુવાનું અને આ શેરીમાં માંગીને ખાવાનું. તારા અભ્યાસ માટે પુસ્તકો, શાળાની ફી અને પરચુરણ ખર્ચ અમે આપીશું. પરંતુ તારે અમારા કામકાજ કરવા.' ચિંતુ ભિક્ષા માગીને ભોજન કરતો અને ભણતર ચાલુ રાખતો, શેરીના નાના-મોટા કામ કરતો. કામ કરવામાં આળસ નહિ, ભીખ માંગવામાં શરમ પણ નહિ. શાકભાજી લાવી આપે, સંજવારી કાઢે, બાથરૂમ સાફ કરે, શેરી વાળીને સાફ કરે. આ બધું ઉમંગથી હસતા મુખે કરે, દિવસે ઓછો સમય મળે પણ રાત્રિએ તે વાંચે અને વિચારે. સંસ્કૃત અને અર્થશાસ્ત્ર એના મનગમતા વિષયો હતા. બંનેમાં પારંગત બની ઊંચા સ્થાને પહોંચવાના એના અરમાનો હતા. એક અંગ્રેજી ચિંતકનું વાક્ય એને ખૂબ ગમતું : 'There is a Room at the top. try to reach there' - 'સૌથી ઊંચુ સ્થાન ખાલી છે ત્યાં પહોંચવાના પ્રયત્નો કરો.' તેણે પ્રયત્નો કર્યા. એમ.એ પાસ થયો, પી.એચ.ડી.ની પદવી પણ પ્રાપ્ત કરી. સંસ્કૃત અને અર્થશાસ્ત્ર વિષયમાં નિષ્ણાંત બની આંતરરાષ્ટ્રીય ખ્યાતી મેળવી અને એકસમયે ભારત સરકારના નાણાપ્રધાનનું સ્થાન દીપાવ્યું. સંસ્કૃત સાહિત્યમાં પણ એમનું યોગદાન નોંધપાત્ર છે. પૂનાની શેરીમાં ઘરકામ કરતો એક સામાન્ય બાળક દિલ્હીના દરબારમાં નાણાપ્રધાન બને તે 'Simple Living and high Thinking' - 'સાદું જીવન અને ઊંચા વિચારોનું પરિણામ છે.' એ ચિંતુ બીજું કોઈ નહિ, પણ જે **ડો. ચિંતામણિ દેશમુખ** નામથી દેશ-વિદેશમાં પ્રખ્યાત થયા છે, એજ છે.

સરદાર **વલ્લભભાઈ પટેલ** કહે છે કે, 'હું વિચાર્યા વિના પગ મુકતો નથી. અને મૂક્યા પછી મને ઉઠાવતા આવડતું નથી.'

ગ્રીસ દેશના મહાન ચિંતક **ડેમોક્રેટસ** એકવાર એથેન્સની બજારમાં ફરી રહ્યા હતા. તેમણે જોયું કે એક નાનો બાળક લાકડાનો મોટો ભારો લઈને જઈ રહ્યો છે. તે ગરીબ દેખાતો હતો પણ આંખમાં ચમક અને મુખ પર તેજ હતું. તેણે ભારો નીચે ઊતાર્યો એટલે ડેમોક્રેટસે કહ્યું : 'બેટા ! આ બધા લાકડા તે તારા હાથે જ કાપ્યાં છે ? કે બીજા કોઈએ કાપી આપ્યાં ? અને આવો વ્યવસ્થિત ભારો તે જ બાંધ્યો કે કોઈએ બાંધી આપ્યો ?' ત્યારે છોકરાએ કહ્યું : 'સાહેબ ! મેં આ કામ મારી જાતે જ કર્યું છે.' શિશુવયમાં આવો શ્રમ અને આવી સૂઝ જોઈને ડેમોક્રેટસને નવાઈ લાગી. ડેમોક્રેટસે વળી પૂછ્યું : 'તું ભણવા જાય છે ખરો ?' છોકરાએ કહ્યું : 'હા, સાહેબ ! મારું કાપવાનું કામ પુરું થાય પછી હું ભણું છું. શ્રમ કર્યા વિના ભણવું મને ગમતું નથી અને ભણ્યા વિના શ્રમ કરવો પણ મને ગમતો નથી.' ડેમોક્રેટસે વળી પૂછ્યું : 'દીકરા ! તું ભણી-ગણીને ડેમોક્રેટસ જેવો મહાન બનવા માંગે છે ?' તે બાળકે

ડેમોક્રેટસનું નામ સાંભળ્યું હતું, પરંતુ ડેમોક્રેટસને તે ઓળખતો ન હતો એટલે ખુમારીથી કહ્યું : 'નામદાર ! મારો એક દૃઢ સંકલ્પ છે કે હું કોઈના જેવો બનવા માંગતો નથી. હું મારા જેવો બનીશ. મારે સ્વતંત્ર કેડો કંડારવો છે.' પછી તે માથે લાકડાનો ભારો મૂકી આ તેજસ્વી બાળક ચાલતો થયો. ડેમોક્રેટસ એના ધીર અને મક્કમ પગલાં નીરખી રહ્યા. આ જ બાળક આગળ ખૂબ ભણીને ભૂમિતિશાસ્ત્રનો મહાન વિદ્વાન બન્યો. તેણે શોધેલી ભૂમિતિનો સિદ્ધાંત આખા ભૂમંડળમાં જાણીતો છે. આ વિદ્વાનનું નામ છે : **'પાયથાગોરસ.'**



જ્યાં સુધી કશુંક કરવાની સંકલ્પશક્તિ ન જાગે ત્યાં સુધી કંઈ પણ થઈ શકે નહિ. એક ગરીબ ખેડૂતનો દીકરો જેમની આઠ વર્ષની ઉંમર હતી ત્યારે જર્મનીએ રશિયા પર આક્રમણ કર્યું હતું. પિતા સાથે ખેતર કામ કરતા કરતા આ બાળકની નજર આકાશમાં વારંવાર ઊડતા ચકરાવ લેતા વિમાન પર પડતી. આ સમયે એના મનમાં એક દૃઢ સંકલ્પ થવા લાગ્યો કે, હું પણ એક દિવસ વિમાન લઈ આકાશમાં જઈશ. અને આકાશમાં એવી જગ્યાએ જઈશ કે જ્યાં આજ સુધી કાળા માથાનો માનવી ત્યાં ગયો ન હોય ! જો કે એ સમયે અંતરીક્ષ એટલે શું એની પણ એ બાળકને ખબર ન હતી. તેમ છતાં હું એ કરીશ. એવા દૃઢ સંકલ્પના સહારે આકાશમાં ઉડ્ડયન કરવાની સફળતાના શિખર એક પછી એક સર કર્યા અને છેવટે વિશ્વનો સર્વપ્રથમ અંતરીક્ષયાત્રી **'યુરી ગાગારીન'** હતો.

જ્યોર્જ કહે છે : '૯૯ ટકા નિષ્ફળતા એવા લોકોના જીવનમાં આવે છે કે, જેમને બહાના બનાવવાની ટેવ હોય છે.'

ડેકીરી નામની સુંદર યુવતી પાસે **નેપોલિયન** જ્યારે સૈનિક હતો ત્યારે તેની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો તો ડેકીરીએ તિરસ્કારથી કહ્યું : 'નેપોલિયન ! તું એક સામાન્ય સૈનિક છો. વળી, તું ઊંચાઈમાં પણ મારે લાઈક નથી. હું તો લશ્કરના કોઈ ઊંચા અને દેખાવડા કેપ્ટન કે મેજર સાથે લગ્ન કરવા ઈચ્છું છું.' ડેકીરીના વાગ્બાણથી નેપોલિયન આરપાર વિંધાઈ ગયો ત્યારે દૃઢ સંકલ્પ કર્યો. શરીરની ઊંચાઈમાં ભલે હું ન વધી શકું, પરંતુ હોદ્દાની સર્વોચ્ચ ઊંચાઈ મારે મેળવવી છે. અને આત્મવિશ્વાસ, પ્રચંડ પુરુષાર્થ અને દૃઢ સંકલ્પથી નેપોલિયન ફ્રાન્સનો સર્વેસર્વા બની ગયો. એણે અર્ધી દુનિયા જીતી લીધી. ફ્રાન્સનો એ સમ્રાટ નિમણુંક થયો. એકવાર તે લશ્કરનું નિરીક્ષણ કરવા નીકળ્યો. સેનાપતિ, જનરલો, મેજરો અને લશ્કરીવડાઓ પોતપોતાની પત્નીઓ સાથે શિસ્તબદ્ધ ઊભા હતા. રૂપગર્વિતા ડેકીરી એક મેજરને પરણી હતી તે પણ પતિ સાથે નેપોલિયનને સલામી ભરવા લાઈનમાં ઊભી હતી. નેપોલિયન આવ્યો એટલે મેજર પતિએ સલામી લીધી. ડેકીરી પણ હાથ જોડીને ઊભી હતી. નેપોલિયને તેની સામું જોયું ત્યારે પંદર વર્ષ પહેલાનો પ્રસંગ સ્મરણ પટ પર ઝળકી ઊઠ્યો. જ્યારે ડેકીરીએ તેનો લગ્ન પ્રસ્તાવ ઠુકરાવ્યો હતો. નેપોલિયને કહ્યું : 'મેડમ ! આ એજ નેપોલિયન છે જે પંદર વર્ષ પહેલા સૈનિક હતો ત્યારે જે આંખોથી એની ઊંચાઈ માપી હતી તે જ આંખોથી આજે હવે તેની ઊંચાઈ માપી લો કે ફ્રાન્સનું આખું લશ્કર મારી સલામી કરવા સ્તબ્ધ ઊભું છે.'

દૃઢ સંકલ્પશક્તિથી નેપોલિયન એક ગરીબ કોર્સીકનમાંથી **ફ્રાન્સનો સમ્રાટ** બની શક્યો...!!!

કનેક્ટીક રાજ્યના પર્વતોમાં એક લોગ કેબિનમાં જન્મેલા **'ન્યૂટન'** દૃઢ સંકલ્પશક્તિથી અમેરીકાના **પ્રમુખ** બની શક્યા.


થીયોડોર રૂઝવેલ્ટ સંકલ્પશક્તિથી એટલાન્ટિક અને પેસિફિક મહાસાગરોને જોડવાની તેઓ **'પનામા કેનાલ'** બનાવી શક્યા.

ડીમોસ્પીનોસને સંકલ્પ હતો - મહાન વક્તા થવાનો. તેઓ થોથવાતા હતા. તેઓ ગોળ પથ્થરો ધોઈને મોંમાં રાખી બોલવાની ટેવ પાડી. પોતાની જીભનો થોથવાટ દૂર કર્યો ને મહાન વક્તા બનીને જ રહ્યા.

હેલન કેલર મૂક-બધીર અને અંધ હતા. તેમની ઈચ્છા હતી સારાં વક્તા થવાની. તેઓ તે સિદ્ધ કરીને જ રહ્યા.

જ્હોન એસ. પેટર્સનને સંકલ્પ હતો કેશ-રજીસ્ટર મશીન બનાવાનો. તેમણે તે બનાવ્યું જ.

હીલને સંકલ્પ થયો એટલાન્ટિકથી પેસિફિક સુધીની ઉત્તર રેલનો. તેઓ સામાન્ય ટેલિગ્રાફ ઓપરેટર હતા. છતાં તે સિદ્ધ કરી શક્યા.



મહાત્મા ગાંધીજી ટ્રેનમાં બેઠા હતા. અંગ્રેજોએ નીચે ઉતાર્યા અને કહ્યું : 'આ ડબ્બામાં ભારતીયને બેસવાનો હક નથી.' મહાત્મા ગાંધીજી હેઠા ઊતરી એટલું જ બોલ્યા : 'અંગ્રેજો તમે મને આજ ડબ્બો છોડાવ્યો, પણ યાદ રાખજો કે એક દિવસ હું તમને આ દેશ ન છોડાવું તો મારું નામ - **મોહનચંદ કરમચંદ ગાંધી** નહિ.'

એક દૃઢ સંકલ્પશક્તિથી સો વર્ષથી ધરબાયેલા **બ્રિટિશ સલ્તનતના પાયા** ઊખાડીને ફેંકી દીધા.

પ્રચંડ સંકલ્પ શક્તિ અને પ્રબળ પુરુષાર્થ શું કરી શકતા નથી ? શસ્ત્ર નહિ, સંપત્તિ નહિ, સૈન્ય નહિ - છતાં દૃઢ સંકલ્પથી વિષ્ણુગુપ્ત ચાણક્યે નંદવંશનો નાશ કરી, ચંદ્રગુપ્ત મૌર્યને **મગધ સમ્રાટ** બનાવ્યો.

સચીન તેંડુલકરને બેવડી સદી માર્યાનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું : 'મારો નાનપણથી જ દૃઢ સંકલ્પ હતો, કે મારે વિશ્વનો **શ્રેષ્ઠ બેટ્સમેન** બનવું છે.'

ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર લીલી ડેનીસને ટૂંકસમયમાં ઘણી બધી વિકેટો લેવા પાછળનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું : 'હું દડો નાંખવા માટે દોડવાનું શરુ કરું છું ત્યાંથી મનમાં દૃઢ સંકલ્પ સાથે બોલું છું - ઓ બેટ્સમેન તું પેવેલીયન ભેગો થા, આઉટ થઈ જા.' આ દૃઢ સંકલ્પ સાથે હું દડો ઝીકું છું તેથી બેટ્સમેન આઉટ થઈ જાય છે.

આઈન્સ્ટાઈન શરૂઆતમાં પ્યૂનની નોકરી કરતા હતા. પણ દૃઢ સંકલ્પથી અણુવિજ્ઞાનના માંધાતા બની ગયા.

આદિ શંકરાચાર્યે ખૂબજ નાની ઉંમરમાં દૃઢ સંકલ્પથી બૌદ્ધ ધર્મને ભારતમાંથી દેશવટો આપ્યો.

વૂડ્રો વિલ્સનનો સંકલ્પ હતો, અમેરીકાના પ્રમુખ થવાનો. છેવટે પ્રમુખ બન્યા પણ ખરા. એટલું જ નહિ, પરંતુ **બિગ ઓફ નેશન્સ**ની પરિકલ્પનાને સાકાર કરવા તેમણે દુનિયાને પ્રેર્યા.

પાણિનિમુનિને સંસ્કૃત ગુરુજીએ કહ્યું હતું કે, 'તું ભણવામાં સાવ બુદ્ધુ છે.' પરંતુ આજે તેઓનું અષ્ટાધ્યાયી વ્યાકરણ કેટલું જીવંત લાગે છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો કુશળકુંવરબાઈ પોતાના દૃઢ સંકલ્પથી ગઢપુરથી ધરમપુર લઈ ગયા.

શ્રીજીમહારાજ ગઢપુરથી વડતાલ જવા જ્યારે તૈયાર થયા ત્યારે લાડુબા અને જીવુબાના દૃઢ સંકલ્પથી માણકી ઘોડી આગળ ડગલું પણ ભરી શકતી નથી :

**'પ્રેમી ભક્ત વિનંતિ કરે દોડી દોડી,**
**લોહચુંબક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી;**
**નથી જાતી દરબારમાંથી ઘોડી...માણકીએ૦**
**આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી,**
**જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી;**
**સેવકદાસ પ્રેમાનંદ હજૂરી...માણકીએ૦'**

વિરાટનારાયણને **દૃઢ સંકલ્પ** હતો કે, આ ફૂટલા બ્રહ્માંડમાં સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ-નારાયણની પધરામણી કરાવવી છે. તે પચાસ વર્ષ ને દોઢ પહોરે **સાર્થક** થયો.

પરબ્રહ્મ નારાયણે પણ સંકલ્પથી જ સૃષ્ટિ રચી છે. 'સોऽकामयत एकोऽहं बहुस्यां प्रजायेय।' - ભગવાને સંકલ્પ કર્યો કે, હું એક છું તે બહુરૂપે થાઉં.



'धृत्वावतारं यत्कार्यं तत्कृतं सकलं किल ।
तथापि भाविनां नृणां कार्यं किञ्चिद्धितं मया ॥
अन्तर्हिते मयि भुवो भक्ता एते च मच्छ्रिताः ।
निरालम्बा भविष्यन्ति कार्यं किञ्चिच्च तत्कृते ॥
एवं विचार्य भगवान् सर्वेषां स नृणां भुवि ।
व्यचिन्तयद्धितं त्रेधा दयावात्सल्यवारिधिः ॥
कारयित्वा मन्दिराणि तत्र स्वप्रतिमा अहम् ।
स्थापयेय ततस्ताश्च सेविष्यन्ते हि मानवाः ॥
स्वधर्मे वर्तमानानां पुंसां तत्सेवनादिह ।
सिद्धिमेष्यति सर्वेषां पुरुषार्थचतुष्टयम् ॥
भक्तिमार्गस्य पुष्ट्यर्थं मन्त्रदीक्षाप्यपेक्ष्यते।
अतो धर्मान्वये शुद्धे गुरूतां स्थापयेय च ॥
धर्मज्ञानविरक्तीनां भक्तेश्चावगमाय तु ।
ग्रन्थं कर्ता शतानन्दो मच्चरित्रोपबृंहितम् ॥
सिद्धान्तं सर्वशास्त्राणां तेन ज्ञास्यन्ति मच्छ्रिताः ।
एवमेव ततः कृत्वा यायां धाम स्वकं भुवः ॥'



'મેં અવતાર ધારણ કરી જે કાર્ય કરવા યોગ્ય હતું તે સર્વે સંપાદન કરેલું છે, તો પણ ભવિષ્યમાં થનાર મનુષ્યોનું કાંઈક હિત મારે કરવું. હું પૃથ્વીમાંથી અંતર્હિત થાઉં, ત્યારે આ મારા આશ્રિતો આધાર વિનાના થશે. તેમને માટે, મારા ભક્તોના આલંબન માટે કંઈ પણ કરવું.



હે રાજન્, દયા અને વાત્સલ્યના નિધિ ભગવાન શ્રીહરિએ આ પ્રકારે વિચારીને પૃથ્વીમાં સર્વ મનુષ્યોનું ત્રણ પ્રકારે હિત કરવાનો વિચાર કર્યો. હું મંદિરોમાં મારા અર્ચાવતારોની પ્રતિષ્ઠા કરાવું પછી

મારી પ્રતિમાઓને મનુષ્યો હાલમાંના ભક્તજનો અને ભાવિ ભક્તજનો સેવા કરશે જ. આ લોકમાં પોતપોતાના વર્ણાશ્રમને યોગ્ય આચારમાં વર્તતા સર્વે પુરુષો તે પ્રતિમાઓનું સેવન કરવાથી ચાર પુરુષાર્થની સિદ્ધિ પામશે. ભક્તિમાર્ગની પુષ્ટિને માટે મંત્રદીક્ષાની પણ અપેક્ષા છે. માટે સર્વ પ્રકારે દોષ રહિત ધર્મના વંશમાં ગુરુપણું સ્થાપન કરું. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના બોધ માટે શતાનંદમુનિ મારાં ચરિત્રોનો મહાન ગ્રંથ કરશે. મારાં આશ્રિતજનો તે ગ્રંથથી સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત જાણશે. માટે આ પ્રકારે કરીને જ પૃથ્વીથી પોતાના અક્ષરધામને વિષે જઈશ. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૭-૧૪)

સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

'અને એ અક્ષરધામને ક્યારે પમાય ? તો જ્યારે પુરુષોત્તમ ભગવાન એવો સંકલ્પ ધારીને આંહી પધારે જે 'મારી મૂર્તિનો સંબંધ જેને થઈને મારા સ્વરૂપનો નિશ્ચય જેને થાય તે સર્વેને મારા અક્ષરધામમાં લાવવા છે' એવો સંકલ્પ ધારીને જ્યારે આંહી પધારીને જેને પોતે લઈ જાય તે થકી જ અક્ષરધામમાં જવાય છે પણ બીજા અવતારથી અક્ષરધામમાં ન લઈ જવાય તો સાધને કરીને તો ક્યાંથી પામે ?' (૨/૪૭)

'**...ભગવાનને વિષે અવળો સંકલ્પ કરે તેને એવું પાપ લાગે** જે એનો જીવ પણ નાશ થઈ જાય...' (૩/૫)

'...ભગવાન તથા એકાંતિક સંત તે અતિ માંદા હોય તેને એમ જાણે જે આ હવે તો બહુ દુ:ખ પામે છે માટે સ્વધામમાં જાય તો ઠીક' એવો જો મનમાં અતિ અલ્પ પણ સંકલ્પ થાય તો તેને બહુ પાપ લાગે છે. વાસ્તે આ વાતને અતિ દૃઢપણે કરીને જાણવાની છે...' (૩/૬)

'...વૈરાટ પુરુષ છે તે જ્યારે કોઈક સમે પુરુષોત્તમનો અવતાર પૃથ્વી ઉપર હતો ત્યારે તે પુરુષોત્તમના ભક્ત હતા. તેને એટલો સંકલ્પ રહ્યો હતો જે આ બ્રહ્માંડનું કામ કેમ થાતું હશે ? એવો સંકલ્પ લગારેક રહ્યો હતો તોપણ કેટલાક કાળ ત્યાં રહ્યા ને પછી જ્યારે સૃષ્ટિ થઈ ત્યારે તેમણે ભગવાનને કહ્યું જે હે મહારાજ ! જો તમે કહો તો આ બ્રહ્માંડમાં સમાસ છે તે હું જાઉં ? ત્યારે ભગવાને આજ્ઞા આપી તે આ વૈરાટ થયા છે...' (૩/૨૬)

'...અને 'પરમેશ્વર તો પૂર્ણકામ છે તેને કાંઈ જોઈતું નથી ને ગ્રહણ કરે છે તેનું કેમ જાણવું' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે પરમેશ્વરતો જીવના કલ્યાણને અર્થે અતિશે દયાયે કરીને મનુષ્યભાવનું ગ્રહણ કરે છે. ને જો એ કોઈ પદાર્થને અંગીકાર ન કરે તો આપણું શ્રેય શાણે કરીને થાય ? માટે પોતે એવો સંકલ્પ કર્યો છે જે 'અમને ભૂખ, તરસ, શિત, ઉષ્ણાદિક મનુષ્યની પેઠે થાઓ' અને એ વાત શ્રીજીએ પંચાળાના (ચોથા) વચનામૃતમાં કહી છે...' (૧/૨૭૯)

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે :

'...અને આપણે તો છેલ્લો જન્મ થઈ રહ્યો છે ને છેલ્લો જન્મ તે શું ? જે **પ્રકૃતિના કાર્યમાં મને કરીને માલ ન માનવો એ જ છેલ્લો જન્મ છે...'** (૧/૧૭૫)

'...અને **આપણે તો અક્ષરધામમાં જાવું છે** એવો **સંકલ્પ રાખવો...'** (૧/૩૦૧)

**'...આ લોકમાં અક્ષરનું સુખ તે શું ? જે શુભ સંકલ્પ થાય ને અંતરમાં સુખ વર્ત્યા કરે એ જ. ને જમપુરીના જેવું દુ:ખ તે શું જે અંતરમાં ભૂંડા ઘાટ થાય ને પીડા થાય એ જ...'** (૧/૩૦૩)

**કારિયાણી**ના **૩જા વચનામૃત**માં સ્વયં **ભગવાન શ્રીહરિ** કહે છે : ''જેને ખટકો હોય જે, 'મને આ ઘાટ થયો તે ઠીક નહિ' ને તે ઘાટને ટાળ્યાનો યત્ન કર્યા કરે..., ...જેને ખટકો ન હોય ને પ્રમાદી હોય તે વધે નહિ.''

''અને એવો સારો હોય તે તો બાળકપણામાંથી જ જણાય તે ઉપર પોતે પોતાના ત્યાગી સ્વભાવની ઘણીક વાત કરી... મને બાળપણામાં સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઉપજ્યો જે, 'મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રૂધિર ને માંસ તે રહેવા દેવું નથી.' માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે, 'શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે પણ રૂધિર તો નીસરે જ નહિ.' એવી રીતે જે સારો હોય તે તો બાળપણામાંથી જ જણાય.''

'...અગત્રાઈમાં પર્વતભાઈને શ્રીજી મહારાજની મૂર્તિ તો ત્રણે અવસ્થામાં અખંડ દેખાતી હતી. તોપણ એમ, સંકલ્પ થયો જે ''બીજા ભગવાનના અવતારનાં સ્વરૂપ કેવાં હશે ?'' ત્યારે તે સંકલ્પમાત્રે તે ભગવાનની ચોવીશ મૂર્તિઓ પર્વતભાઈ આગળ આવીને ઊભી રહી; ને પછી પર્વતભાઈએ દર્શન કર્યા પછી તે ચોવીશ અવતારનાં સ્વરૂપ શ્રીજી મહારાજની સ્તુતિ કરતે સતે શ્રીજી મહારાજની મૂર્તિમાં લીન થતાં હતાં. એવી રીતે શ્રીજી મહારાજ પર્વતભાઈને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડતા હતા...' (૪/૮)

ભગવાન શ્રીહરિને સંભારીને ભાદરા ગામમાં વશરામ સુતારે અને અગત્રાઈમાં ભીમભાઈએ કીડીઓનો મોક્ષ થાય એવો સંકલ્પ કર્યો. તેથી કીડીઓ દિવ્યગતિ પામી ગઈ.

કારિયાણીના વસ્તાખાચરના પત્ની સીતબાએ મેઘલી રાતે સંકલ્પ કર્યો કે, જો મહારાજ હમણાં પધારે તો ગરમ-ગરમ પૂડલાં જમાડું. શ્રીજીમહારાજ સારંગપુર હતા. વચ્ચે

ઉતાવળી ફાલ્ગુની નદી બે કાંઠે વહેતી હતી, વરસાદ જામ્યો હતો. ભગવાન શ્રીહરિ માણકી ઉપર નીકળ્યાં. પલળતાં કારિયાણી પહોંચ્યા. વસ્તાખાચરે પોતાના કોરા કપડાં પહેરવા આપ્યાં. સીતબાએ શ્રીજીમહારાજને જમાડી પોતાનો સંકલ્પ પૂરો કર્યો.

ગામ **રેવાના ગોવિંદરામ ઉપાધ્યાય** બ્રાહ્મણ હતા. તેણે એવો સંકલ્પ કર્યો જે, 'હું ગઢપુર જાઉં અને મહારાજ મારી પાસેથી સોપારી માંગી લીયે તો ભગવાન ખરા.' પછી તે ગઢપુર આવ્યા અને દરબારમાં મહારાજને પગે લાગીને ઊભા રહ્યા. પછી મહારાજે કહ્યું જે, ''ગોવિંદરામ ! સોપારી ક્યાં સુધી ઝાલી રાખશો? લાવો, મેલોને અમારી પાસે.'' પછી ગોવિંદરામે સોપારી મહારાજ પાસે મૂકીને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મને વર્તમાન ધરાવો. તમે ભગવાન ખરા. હું એવો સંકલ્પ કરીને આવ્યો છું.' (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૧૯૨)

ગામ **સાતપડાના ભગોભગત** હતા તેણે એવો સંકલ્પ કર્યો જે, 'હું સ્વામિનારાયણના દર્શને જાઉં અને તેમની ડુંટી ઉપર રૂપિયો મેલવા દે તો ભગવાન ખરા.' પછી તે ગઢપુર આવ્યો અને સભાથી છેટે લીંમડા નીચે ઉભો રહ્યો. પછી શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા તે આડે પડખે થયા. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, 'મહારાજ! કેમ આડે પડખે થયા ?' મહારાજે કહ્યું, ''ઓલ્યો ભગલો ક્યારનો ઉભો થઈ રહ્યો છે ! આવ, ભગા ! મેલ મારી ડુંટી ઉપર રૂપિયો.'' પછી ભગાભગતે આવી મહારાજની ડુંટી ઉપર રૂપિયો મેલ્યો. પછી મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે ભગવાન ખરા. માટે મને વર્તમાન ધરાવો.' પછી વર્તમાન ધારી સત્સંગી થયો.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૧૯૪)

**ઘોઘા બારા**ના ત્રણ બ્રાહ્મણ ગઢપુર આવ્યા અને ઘેલામાં નાહીને એવો વિચાર કર્યો જે, 'આપણે સ્વામિનારાયણને ન ભાળીએ અને તે આપણને ન ભાળે અને આપણી ત્રણેયની ડોકમાં ગુલાબના સરખા હાર હોય તો ભગવાન ખરા.' પછી તે ત્રણ આવી દરબારમાં આથમણાબારના ઓરડાની ઓસરીની કોર આગળ ઊભા રહ્યા. એક બીજાની ડોક સામું જોવા મંડ્યા એટલે ત્રણેયની ડોકમાં સરખા ગુલાબના હાર જોયા. પછી ત્રણે જણા આવીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! અમને વર્તમાન ધરાવો. અમે આવો સંકલ્પ કરીને આવ્યા હતા જે, સ્વામિનારાયણ ભગવાન હોય તો ત્રણેની ડોકમાં ગુલાબના સરખા હાર હોય.' પછી તે વર્તમાન ધારી સત્સંગી થયા ને પછી ઘરે ગયા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૧૯૬)

ગામ **પહવીના હરજી** તથા **દેવજી** કરીને કુંભાર ભગત હતા. તે ગઢપુર મહારાજને દર્શને આવ્યા અને નદીમાં નાહીને બેઉ જણે સંકલ્પ કર્યો જે, સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે આપણે દર્શને જઈએ અને દેવજી કહે, 'મને સોટી મારે તો ભગવાન ખરા.' ત્યારે હરજી કહે, 'મારે શું સંકલ્પ કરવો ?'ત્યારે દેવજી કહે, 'તને છાતીમાં કંકુના પગલાં આપે તો ભગવાન ખરા.' પછી તે બન્ને જણ દરબારમાં આવ્યા. તે વખતે મહારાજ સભા કરી વિરાજમાન હતા. પછી મહારાજને જઈ પગે લાગ્યા. ત્યારે મહારાજે સોટી લઈને દેવજીને મારી. તે જોઈને દેવજી બોલ્યો, 'હાશ, ભગવાન ખરા.' અને હરજીને છાતીમાં કંકુનાં ચરણારવિંદ કરીને આપ્યાં. તે જોઈ હરજી બોલ્યો જે, 'હાશ,ભગવાન ખરા.' મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, 'મહારાજ ! આમ કેમ કર્યું ?' ત્યારે મહારાજે કહ્યું જે, ''બન્ને જણે આવો સંકલ્પ કર્યો હતો.'' પછી બન્ને જણા વર્તમાન ધારી સત્સંગી થયા ને ખરા ભક્ત થયા.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૧૯૭)

ગામ **પીઠવાજાળ**નો **ખીમો ડોબરીયો** કરીને કણબી હતો. તે ગઢપુર મહારાજના દર્શને આવ્યો અને તેની સાથે શેરડીના ત્રણ સાંઠા પડછા સહિત હતા. તે લઈને ઘેલામાં આવી એકવીસ કટકા કરી ગાંઠે બાંધ્યા અને પોતાના મનમાં સંકલ્પ કર્યો જે, 'શેરડીના આ કટકા માંગી લે તો ભગવાન ખરા.' પછી તે દરબારમાં આવી મહારાજને પગે લાગી ઉભો રહ્યો. પછી મહારાજે કહ્યું જે, 'ખીમા ! શેરડીના ત્રણ સાંઠા પડછા સહિત ઘેલા સુધી લાવ્યો છે અને ઘેલામાં ભાંગીને એકવીસ કટકા કર્યા છે તે ક્યાં સુધી ગાંઠે બાંધી રાખીશ ? લાવને મેલ્યને હેઠા.'' પછી તેણે એકવીસ કટકા મહારાજના ઢોલીયા ઉપર મૂક્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મને વર્તમાન ધરાવો.' પછી તે વર્તમાનધારી સત્સંગી થયો. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૧૯૯)

ગામ **નાવડાના હીરો શેઠ** પોતાના મનમાં એવો સંકલ્પ કરીને ગઢડા આવ્યા જે, 'ભગવાન હોય તો સોળે ચિહ્ન

દેખાડે તો ભગવાન ખરા.' પછી તે ગઢપુર મહારાજના દર્શને આવ્યા અને મહારાજને પગે લાગી સભામાં બેઠા. પછી મહારાજ બોલ્યા જે, 'શેઠ ! ચિહ્ન જોઈને સત્સંગ કરવો છે કે એમને એમ ?'' શેઠ કહે, 'મહારાજ ! સોળ ચિહ્ન દેખાડો તો સારું.' પછી મહારાજે ચરણારવિંદ લાંબું કરીને સોળે ચિહ્ન દેખાડ્યાં. પછી હીરા શેઠને વર્તમાન ધરાવ્યાં અને તે સત્સંગી થઈને પોતાને ઘરે ગયા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૨૦૦)

**કેલોદ** ગામમાં **પ્રભાતગર** કરીને અતિત બાવો હતો. તેણે એવો સંકલ્પ કર્યો જે, 'સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે. તે ગોદડી ઓઢીને મને આપે તો ભગવાન ખરા.' પછી મહારાજે ગોદડી ઓઢીને ભગુજીને કહ્યું જે,''આ ગોદડી પેલા બાવાને આપો.'' પછી તે પ્રભાતગર આવીને મહારાજને પગમાં પડ્યો અને મહારાજને કહ્યું કે,'હે મહારાજ ! મારા મનમાં આવો સંકલ્પ હતો તે તમે સિદ્ધ કર્યો. તમો તો સાક્ષાત્કાર ભગવાન છો. માટે મને તમારો આશ્રિત કરો.' પછી તે વર્તમાન ધારી સત્સંગી થયો.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૨૦૮)

ગુજરાતમાં એક બાઈ મઠના રોટલા કરતી હતી અને એક રોટલો બહુજ ફુલ્યો. તેને જોઈને તે બાઈ બોલી કે - ''ઓહો ! પૃથ્વી ઉપર ભગવાન ન મળે નહિતર આ રોટલો તેને જમાડું તેવો થયો છે.'' પછી તે બાઈ ભાત લઈને ખેતર જતી હતી. તેને શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે સ્વાર સહિત મળ્યા અને કહ્યું જે ''બાઈ ! અમારો રોટલો લાવ.'' બાઈ કહે, 'મહારાજ ! તમારો રોટલો આમાં કેવો ?' મહારાજ કહે, ''તું કહેતી હતી કે ભગવાન જમે એવો છે.'' પછી તે બાઈએ ભાત હેઠું ઉતારીને મહારાજને રોટલો આપવા માંડ્યો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ રોટલાને અમે ઓળખીએ છીએ. તે રોટલો જરા દાઝેલો છે.'' પછી મહારાજે પોતાને હાથે તેની પાસેથી તે રોટલો લીધો. બાઈ કહે, 'મહારાજ ! વર્તમાન ધરાવો.' પછી તેની પાસે છાશની દોણી હતી. તેની પરાશે કરીને મહારાજે તેને વર્તમાન ધરાવ્યા.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૨૧૩)

'तन्मे मनः शिवसंकल्पमस्तु।' - મારું મન હંમેશા કલ્યાણકારક સંકલ્પવાળું બનો. વિચાર શ્રેષ્ઠ છે. કારણ કે કોઈપણ આચારની એ **પૂર્વભૂમિકા** છે. ઉત્તમ વિચાર, ઉત્તમ આચાર પ્રગટ કરે છે. આવા કલ્યાણકારણ વિચારને જ સંકલ્પ કહેવામાં આવે છે.

એકવાર ભગવાન બુદ્ધને તેમના શિષ્ય આનંદે પ્રશ્ન કર્યો : 'ભગવાન ! આ જગતમાં પથ્થર કઠણ ગણાય છે, પરંતુ તેનાથી મજબૂત કોઈ વસ્તુ હશે ?' ભગવાન બુદ્ધે કહ્યું : 'હા, પથ્થર કરતા પાણી વધારે બળવાન છે. કારણ કે સતત વહેતી પાણીની ધાર પથ્થરને કાપી નાખે છે.' આનંદે ફરી પૂછ્યું : 'પાણી કરતા વધુ બળવાન શું છે ?' 'પાણી કરતા વધારે બળવાન અગ્નિ છે. કારણ કે અગ્નિ પાણીને બાળી નાખે છે.' ભગવાન બુદ્ધે જવાબ આપ્યો. 'તો પછી અગ્નિ કરતાં વધુ બળવાન કોણ છે ?' આનંદે સવાલ કર્યો. 'અગ્નિ કરતાં વધુ બળવાન તો વાયુ છે. કારણ કે વાયુ અગ્નિને છિન્નભિન્ન કરી નાખે છે.' ભગવાન બુદ્ધે સમાધાન કર્યું. 'પ્રભુ ! વાયુ કરતા કોણ વધુ બળવાન છે ?' શિષ્ય આનંદે અંતિમ સવાલ કર્યો. ભગવાન બુદ્ધે પ્રસન્નતાથી કહ્યું : 'વાયુ કરતા વધુ બળવાન તો સંકલ્પ છે. કારણ કે શુભ સંકલ્પથી બ્રહ્માંડની બહાર ગતિ થઈ શકે છે. જ્યારે વાયુની ગતિ પણ વિરામ પામે છે.' ભગવાન બુદ્ધનો જવાબ સાંભળીને આનંદને આગળ પ્રશ્ન પૂછવાનો કોઈ વિકલ્પ જ ન રહ્યો.

જ્યાં સુધી કશુક કરવાની **સંકલ્પશક્તિ** ન જાગે ત્યાં સુધી કાંઈ પણ થઈ શકે નહીં ! સંકલ્પ રાખો સિતારા પર પહોંચવાનો. કારણ કે તમારું નિશાન ચૂકશો તો પણ... તમે ચંદ્ર પર તો જરૂર પહોંચશો જ !

પોતાના સંકલ્પ પાર પાડવાની દિશામાં જો કોઈ **આત્મવિશ્વાસભર્યા ડગ** ભરે અને સંકલ્પ મુજબનું જીવન જીવવાનો એ **પ્રયાસ** કરે તો ન ધારેલી **સફળતા** સામેથી આવીને એના પગ ચૂમશે. ભલેને તમે હવાઈ કિલ્લા બાંધ્યા હોય, તેથી કશું બેકાર નથી જવાનું, હવાઈ કિલ્લા તો હવામાં જ હોય, બસ હવે આટલું જ કરો... કે એ કિલ્લા નીચેના પાયા પણ રચવા માંડો.

વિજ્ઞાને તે સિદ્ધ કર્યું છે કે, મનમાં દઢ થઈ ગયેલા સંકલ્પને આનુષંગિક જો **આત્મ સૂચનો** સતત પાઠવતા રહેશો તો તમારું સમગ્ર ચેતનાતંત્ર તેમજ દેહ પણ તે વિચારોથી તરબતર થઈ જશે. અને તે એક બળવાન **લોહચુંબક સમાન** બની રહેશે જે તમારી ઈપ્સિત ચીજ કે વ્યક્તિને તમારી સમક્ષ લાવીને જ ઝંપશે.

'પ્રભુના સિંહાસન પાસે બિરાજી,

એક બિચારાએ માથું ઝુકાવી **એકરાર** કર્યો કે, 'હું હાર્યો !'

પણ ત્યારે પ્રભુ બોલી ઊઠ્યા, હરગીઝ નહિ, તારાથી શક્ય હતું તેટલું શ્રેષ્ઠ તે કર્યું,

અને આજ છે તારી **સાચી સફળતા...'**


❖ ❖ ❖ ❖ ❖

# સત્યનિષ્ઠા

પાર્ષદ સંદિપ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'સત્ય હંમેશા કડવું હોય છે.' એ એક **ખ્યાતનામ કહેવત** છે. આ કહેવત ક્યારથી શરૂ થઈ, કોણે શરૂ કરી એ તો જાણવું મુશ્કેલ છે. પણ એ કહેવત જ હળહળતું **અસત્ય** છે, આ વાત ખરેખર સત્ય છે. પરંતુ એક વાત આપણે સ્વીકારવી પડે કે, સત્યના માર્ગ પર ચાલનારના જીવન મહામુશ્કેલીઓના ગાઢ જંગલોમાંથી પસાર થાય છે. જ્યારે તેનો અંત **'સત્યમેવ જયતે'** વિજયમાં જ હોય છે.

સત્યના પથ પર ચાલવું એ આજના સમાજને **અંગારા પર ચાલવા જેવું** વસમુ લાગે છે. એનું તારણ વિચક્ષણ પુરુષોએ એ તારવ્યું છે કે, ''અસત્યની સત્તા જ વિશ્વમાં બધે છે, વિશ્વમાં કોઈ ખૂણો એવો નહિ હોય જ્યાં જૂઠું ન બોલાતું હોય. કારણ કે અસત્ય સાચા અર્થમાં **બિનસાંપ્રદાયિક** છે. એને કોઈ વાડાબંધી નથી. એને કોઈ નિયમ કે ધર્મ લાગતો નથી.''



કેટલાક બાળકો વર્તુળાંકારમાં ઊભા હતા. વચ્ચે એક ભમરડો નાનકડા વર્તુળમાં મૂકેલો હતો. ત્યાંથી એક વડિલ પસાર થયાં. તેમણે પૂછ્યું : ''અલ્યા, છોકરાઓ શું કરો છો ?''

ત્યારે એક છોકરાએ કહ્યું : ''અમે રમત રમીએ છીએ. સૌથી સરસ જૂઠું બોલે તેને આ ભમરડો મળે.''

વડિલ બોલ્યા : ''અરે ! આવી તે કાંઈ રમત હોતી હશે...!! હું તમારી જેવડો હતો ત્યારે મેં કોઈ દિવસ જૂઠું બોલવાનો વિચાર સુધ્ધા કર્યો નહોતો.''

વડિલની વાત સાંભળી બાળકો બોલી ઊઠ્યા : ''અંકલ ! તમે જીતી ગયા. લ્યો આ ભમરડો તમારો...!!!''

આજ-કાલ વડિલો જ **સત્યનો માર્ગ** ચૂકી ગયા છે. તો તેમના ઉત્તરાધિકારીઓ પર એમનો **વર્તન વગરનો ઉપદેશ** ક્યાંથી અસર કરી શકે ?

આજના મોર્ડન યુગ''ના 'લેટેસ્ટ લેન્સ'થી જોઈએ તો એવું જ લાગે કે, યુધિષ્ઠિરો બધા આંધળા થઈ ગયા છે, ધૃતરાષ્ટ્રો બધા દેખતા થઈ ગયા છે, કૃષ્ણ બધા કારાવાસમાં કેદ છે, કંસોનો જયજયકાર થઈ રહ્યો છે, અર્જુનો બધા વ્યંઢળ થઈ ગયા છે, દુર્યોધન બધા મર્દ બનીને ફરી રહ્યા છે, સત્યવાદી હરિશ્ચંદ્ર સ્મશાનમાં બળી રહ્યા છે, ચાંડાલો મહેફિલમાં મોજ ઉડાવી રહ્યા છે. હવે અસત્યનો નાશ કરવા અને સત્યનો જયજયકાર કરવા માટે કોઈ **'સુદર્શન ધારી'** આ ધરા પર આવે એવા ક્યાંય એંધાણ દેખાતા નથી.



પણ સબૂર...!!! અને don't worry...!!!

આનો અર્થ એ નથી થતો કે અસત્યની જીત એ અંતિમ જીત છે. જીવનની નાની-મોટી લડાઈમાં 'અસત્ય' વિજેતા બનતું દેખાતું હોય તેમ છતાં અંતિમ નિર્ણાયક યુદ્ધમાં ધ્વજ તો સત્યનો જ ફરકે છે. બીજી ભાષામાં કહીએ તો અસત્ય જીતતું જીતતું 'સેમી-ફાઈનલ' સુધી આવી પણ જાય કદાચ, તોપણ ફાઈનલમાં **વિશ્વ વિજેતા** તો **સત્ય** જ બને છે.

સત્યના ભોમિયાજનોના નામ જ આપણે છાતી ફૂલાવીને લઈએ છીએ. જ્યારે સત્યના વિરોધીઓના જે નામ હોય તે નામ પોતાના સંતાનોના કોઈએ રાખ્યા હોય એવો એક પણ **ઈતિહાસ** જાણવામાં નથી આવ્યો.

હરિશ્ચંદ્ર, નચિકેતા કે મહાત્મા ગાંધીજીના જીવનચરિત્ર ભણાવીને બાળકોને કહેવામાં આવે છે કે, ''બેટા ! આ મહાપુરુષો જેવું તું તારું જીવન બનાવજે. પણ સિકંદર, હિટલર કે હુમાયુના અસત્યથી બદબું મારતા જીવન કોઈના માટે પ્રેરણાદાયક નથી રહ્યા.''

માણસ પોતે ઘરના કોઈ ખૂણામાં બેસી પોતાના અંતરાત્માને ઢંઢોળી હૃદયથી વિચારે તો માલૂમ પડશે કે, જિંદગીમાં સૌથી પ્રથમવાર કંઈક ખોટું બોલીને કોઈને છેતર્યા હોય એ વખતે એ ઘડી એને વિજયની કે આનંદની લાગતી હોય, પરંતુ અત્યારે વિચારીને હૃદયના દર્દનું કારણ તપાસતા એ છેતરામણી આચરણ જ એને કાંટાની જેમ ચુભતી હશે. એને સ્વયં અનુભવ થશે કે, અસત્યનું આચરણ જ પોતાના પગ પર કુહાડા મારવા જેવું છે. પરંતુ સત્યના પ્રયોગોમાં સત્યના ઉપાસક **મહાત્મા ગાંધીજી** લખે છે :- ''નાનપણમાં ખરાબ બાળકોની સોબતે ચડી જઈ, ગામના પાદરમાંથી બંધાણીએ ચુસીને ફેંકી દીધેલા બીડીના ઠુઠા ભેગા કરી, ગામની બહાર થોડો ઊંડો ખાડો હતો તેમાં બેસીને છુના-છૂપા પીતા. લગભગ ચાર-પાંચ દિવસ આ ક્રમ ચાલ્યો. મિત્રોની મહોબ્બતને વશ થઈને આવું દુરાચરણ કરતો હતો. પણ મારો અંતરાત્મા એની ના પાડતો હતો. મુશ્કેલી એવી સર્જાઈ કે હવે આ રસ્તેથી પાછું વળવું મુશ્કેલ હતું. અને પિતાજીને આ વાત કરતા પણ ડર લાગતો હતો. પણ પિતાજીની પાસેથી સાંભળેલું કે, **'સત્ય કદી છૂપું રહેતું નથી.'** એટલે જેદી-તેદી એ વાતની જાણ થશે ત્યારે મહામુશ્કેલી સર્જાઈ જશે. ખૂબ વિચારને અંતે બધી હિંમત ભેગી કરી આજ તો પિતાજીની આગળ મારી ભૂલનો એકરાર કરી લેવો છે. એમ દૃઢ નિશ્ચય કરી એમની પાસે ગયો. પરંતુ એમની મુખમુદ્રાને જોઈ એમની કડક પ્રકૃતિની સ્મૃતિ થતા કહેવાની હિંમત ન ચાલી. થોડીવાર તેમની પાસે બેસી ધ્રુજતા અવાજે મેં મારી હકીકત જણાવવાની શરૂ કરી. મારી બધી વાત સાંભળતા દરમ્યાન રોષે ભરાયેલા હાથથી એમણે મને એક થપાટ મારી દીધી. હું રડી પડ્યો. મારા આંસુમાં પસ્તાવો જોઈ એમનો ક્રોધ શાંત થઈ ગયો. માથા પર વ્હાલનો હાથ ફેરવતા બોલ્યા : 'બેટા ! આજથી એ બાળકોની સોબત છોડી અને ભણતરમાં ધ્યાન આપજે.' ગાંધીજી આગળ લખે છે કે, એ વખતે સત્યની જાહેરાત કરવી તે મારા માટે મોતને ભેટવા બરાબર થઈ ગઈ હતી. તેમ છતાં એ વાતનો મને આનંદ છે કે મોત પછી આજે નવી જિંદગીની શરૂઆત થઈ તેણે મને 'મહાત્મા' બનાવ્યો. સત્યનો જો મેં ખુલાસો ન કર્યો હોત તો પોરબંદરની કોઈક ગલીમાં ભટકતા વ્યસની મોહનદાસ ગાંધીને કોઈ ઓળખતું ન હોત.''

આખું અઠવાડીયું સંસારી વ્યવહારથી **'ત્રાહિમામ્'** પોકારી ગયેલા માણસને પોતાના મનને ટાઢક આપે એવું મનોરંજન જોઈતું હોય તો પણ એની ખાસ્સી કિંમત ચુકવવી પડે છે. ઘણી જહેમત પણ ઉઠાવવી પડે છે... તો પછી સત્યાચરણ તો આત્મરંજનનું ઉમદા સાધન છે. આત્મરંજનથી પ્રાપ્ત થતાં અમરાત્માનંદ (અમર-આત્મા-આનંદ) માટે જીવનમાં આવતી થોડી મુશ્કેલી, એ ફાયદાનો જ સોદો છે.

સત્યપંથના અમર સિતારાઓમાં આપણા નંદસંતોમાં આગવી પ્રતિભા ધરાવનાર સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીનું નામ સર્વાગ્રે ગણી શકાય. એ કઈ રીતે ? એ પણ જાણવા જેવું છે.

અત્યારે લાખો માણસોની સભા ભરાઈને બેઠી હોય તેમ છતાં કોઈપણ પ્રકારના થડકાં વગર, 'ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરી ભગાવન છે' એ એલાન કરી શકીએ છીએ; પરંતુ ભગવાન શ્રીહરિની હયાતિમાં આ ઘૂટડો આમ જનતાને ગળે ઉતરવો મુશ્કેલ હતો.

દ્વાપરમાં ભગવાન શ્રી કૃષ્ણ આ પૃથ્વી પર હતા ત્યારે તેમના સગાં પુત્રો એ એમને નો'તા ઓળખી શક્યાં. ત્રેતાયુગમાં ભગવાન શ્રીરામચંદ્રજીને એમની માતા કૈકેયી ઓળખવામાં થાપ ખાઈ ગઈ હતી. તો પછી કળિયુગનો 'મંદમતિ' માણસ પોતાની ઘસાઈ ગયેલી ગુરુપરંપરાઓને છોડીને, 'નવ્યોદિત' ભગવાનને સર્વોપરી સ્વીકારી જ ક્યાંથી શકે ?

બસ, આજ કારણસર ભગવાન શ્રીહરિએ બધા સંતો-ભક્તોને આજ્ઞા કરેલી કે એમને બીજા અવતારથી મોટા ન કહેવા અને જે આ આજ્ઞા નહિ માને તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી...!!

પરંતુ જ્યારે સંપ્રદાયના 'અમર સાહિત્ય' શ્રી સત્સંગિજીવન ગ્રંથના નિર્માણનો પ્રસંગ આવ્યો ત્યારે ભગવાન શ્રીહરિની અનન્ય નિષ્ઠાવાળા સંતોમાં અંદરો-અંદર ચર્ચા થઈ કે આ ગ્રંથમાં જો મહાપ્રભુનું યથાર્થ સ્વરૂપ પ્રતિપાદન નહિ કરીએ તો ભાવિ મુમુક્ષુજનો ભગવાનનું સર્વોપરિપણું જાણી નહિ શકે. ઘણી ચર્ચા પછી બધા સંતો-ભક્તો વડતાલમાં આંબાના વૃક્ષ નીચે સભા ભરીને વિરાજમાન મહાપ્રભુ શ્રીહરિ પાસે તેઓના સર્વોપરિપણાના પ્રતિપાદનની અનુમતિ લેવા માટે પહોંચી ગયા. શ્રીજીમહારાજ પાસે પોતાનું નિવેદન રજુ કર્યું. એ સમયે નિત્યાનંદ સ્વામીની નિષ્ઠાની કસોટી લેવા માટે મહાપ્રભુએ કંઈક અલગ જ ચરિત્ર આદર્યું. ભગવાન શ્રીહરિ

રોષે ભરાયા, નેત્રો લાલ થઈ ગયા, અને પછી બોલ્યા : ''અમે બીજા અવતાર કરતા મોટા છીએ... એવું પ્રતિપાદન કરશે તે વિમુખ ઠરશે.'' સંતોએ શ્રીજીમહારાજને ખૂબજ આજીજી કરી, પરંતુ એકના બે ન થયા.

આ વિવાદ સાતેક દિવસ ચાલ્યો. ધીરે ધીરે બધા સંતો શ્રીજીમહારાજના પક્ષમાં ભળી ગયા. એક નિત્યાનંદ સ્વામી પોતાના નિર્ણય પર અડીખમ ઊભા રહ્યા. તેમને સભામાં બોલાવીને મહાપ્રભુ શ્રીહરિએ કહ્યું : ''સ્વામી ! તમે જો મને સર્વોપરી કહેશો તો અમે તમને વિમુખ કરીશું.'' ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા : ''મહારાજ ! તમે ભલે મને વિમુખ કરી સત્સંગમાંથી કાઢી મૂકો તોપણ અહીંથી **જ્યાં પણ જઈશ ત્યાં** તમારા સર્વોપરિપણાની જ **જાહેરાત** કરીશ...!!!'' ''સ્વામી ! અમારી આજ્ઞા નહિ માનો તો અક્ષરધામ ને તમારે છેટું પડી જાશે.'' ''હે પ્રભુ ! આપથી ઉપર બીજો કોઈ ભગવાન નથી માટે આપ **સર્વોપરી** છો એ વાત **'શાશ્વત' સત્ય** છે અને એ સત્યને અનુસરણ કરવાથી મને આપ પણ નહિ રોકી શકો. અને સાંભળો મહારાજ ! આપ તો સ્વતંત્ર મૂર્તિ છો, માટે આપ કદાચ મને નરકમાં પણ નાંખશો તો ત્યાં પણ નરકકુંડમાં પડ્યો પડ્યો એજ જાહેરાત કરીશ કે, **'સ્વામિનારાયણ સર્વોપરી' છે... સર્વોપરી છે...!!!''** સ્વામીની આવી નિષ્ઠા જોઈ શ્રીજીમહારાજ પ્રસન્ન થઈ ગયા.

એ વાત જરાય પણ ખોટી નથી કે, આ નંદસંતો જો આવા **'સત્યનિષ્ઠ'** ન હોત તો કદાચ આવડા મોટા ભગવાન મળ્યા પછી પણ આપણે એમને ઓળખી ન શક્યા હોત. અને એ વાત પણ નિર્વિવાદ છે કે, મહામુશ્કેલીઓમાં પણ પોતાની **'સત્યનિષ્ઠા'** પર અડગ રહેનાર નિત્યાનંદ સ્વામીનો માંહેલો મોરલો આનંદથી ઝૂમી ઊઠ્યો હશે...!!

જે માણસ જેટલો સત્યવાન હોય તે તેટલો જ મહાન પંકાય છે. અમેરીકામાં કોન્ટુકી રાજયના નાનકડા ગામ **'હોઝનવિલે'**માં ૧૯મી સદીની શરૂઆતમાં આવા એક **'મહામાનવ'** એક ગરીબ પરિવારમાં જન્મ્યા હતા. થોડા મોટા થઈ કિશોર અવસ્થામાં પહોંચતા જ પોતાના પિતાના નાનકડા **'જનરલ સ્ટોર'**ની જવાબદારી એમણે સંભાળી લીધી. હિસાબ-કિતાબમાં ચુસ્ત આ કિશોર રોજની આવક-જાવકનો પાય-પાયનો હિસાબ મળી જાય પછી જ રાત્રિ ભોજન કરે. પાય પણ વધઘટ થાય એ પરવડે નહિ. રોજનો આ ક્રમ હતો. એક દિવસ રાત્રે હિસાબ મેળવવા જતા ૧ સેન્ટ જેટલી રકમનો વધારો જણાયો. ફરીથી પોતાની દુકાનમાંથી વેચાયેલી બધી વસ્તુની ગણતરી કરી અને હિસાબ મેળવ્યો તોપણ હિસાબ થવો જોઈએ એના કરતા૧ સેન્ટ વધે. કિશોરે ત્રણ-ચાર વાર હિસાબ કર્યો પણ સરવાળે એનો એજ રહ્યો. આ ૧ સેન્ટ વધારે આવી ક્યાંથી એ ઘણીવાર વિચાર કર્યો. કોઈ જવાબ ન મળ્યો.

પછી તેમણે સાવરથી સાંજ સુધીમાં પોતાની દુકાને આવેલા તમામ ગ્રાહકની સ્મૃતિ પોતાના વિચક્ષણ માનસપટ પર લાવવા માંડી. તરત જ તેમને યાદ આવ્યું કે, એક ડોશીમા સવારે સાબુ લેવા આવ્યા હતા તેને હું ૧ સેન્ટ પાછી આપવા ભૂલી ગયો છું. તરત દુકાન બંધ કરી એ કિશોર ડોશીમાના ઘેર ગયો. ડોશીમા ભૂલી ગયા હોવા છતા તેમને યાદ કરાવી સેન્ટ તેને પરત આપી. ડોશીમા તે કિશોરની ગરીબ પરિસ્થિતિથી વાકેફ હતા. તેથી તેમણે એ પૈસા રાખવા કહ્યું. પરંતુ ઉદાર કિશોરે એમની એ વાત ન સ્વીકારી. અંતે ડોશીમા તે ખીલતા ફૂલ જેવા કિશોરની 'સત્યનિષ્ઠા' જોઈ રાજી થઈ ગયા. પ્રેમથી ભેટી મસ્તક ચૂમી લીધું. તેમના અંતરમાંથી આશીર્વાદ નીકળી ગયા : "God bless you my son." એ કિશોર બીજું કોઈ નહિ પણ અમેરીકાના મહાન રાષ્ટ્રપતિ **'અબ્રાહિમ લિંકન'** હતા. પોતાની સત્યનિષ્ઠાથી પ્રાપ્ત આવા આશીર્વાદેજ તેમને વિશ્વની મહાસત્તાના **સમ્રાટ** બનાવી દીધા.

આપણા વેદો સત્યને જ પરમાત્મા કહે છે. આપણી **રાષ્ટ્રમુદ્રા** પર પણ લખેલું છે - **'સત્યમેવ જયતે.'** મહાત્મા ગાંધીજી કહેતા કે, 'સત્ય **ઈશ્વરનું સ્વરૂપ** છે.' પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ કહે છે : **'જે સત્યનું આચરણ કરી શકે એજ ખરો સત્સંગી છે.'**

મહાપુરુષોના મુખકમળમાંથી ઘણીવાર **પરોપકારી વાણી** સાંભળવામાં આવે છે કે, 'આપણને સત્ય એવા પરમાત્માની સાક્ષાત પ્રાપ્તિ થઈ છે. અને સોનામાં સુંગધ ભળે તેમ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને તેમના વફાદાર એવા સાચા સંતોની પ્રાપ્તિ થઈ છે.' એટલે સત્ એવા ભગવાન, સત્ એવા શાસ્ત્ર, સત્ એવો ધર્મ અને સત્ એવા સંત એ ચારેય સનાતન સતનો સંગ એટલે કે **'સત્સંગ'**ની પ્રાપ્તિ થઈ છે. હવે જીવનભર એમને વફાદાર રહીએ એટલે ભગવાન શ્રીહરિથી આપણે જરાપણ છેટે નથી.


અને અંતે સ્નેહરશ્મિના કાવ્યની **એક પંક્તિ** યાદ આવે છે :

**'અસત્યો માંહેથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા.'**

સુંદર સત્યને થોડા શબ્દોમાં કહો પણ કુરુપ સત્ય માટે કોઈ શબ્દ ન વાપરો. - **ખલિલ જિબ્રાન**

ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ. - **મહાત્મા ગાંધીજી**


❖ ❖ ❖ ❖ ❖



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી



વડતાલ પ્રદેશના કંડારી(જી.વડોદરા)ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ **'હોમાત્મક મહાપૂજા'** (તા. ૧૫-૪-૨૦૧૨)






ગઢપુર પ્રદેશના **સનાળી**(તા. જસદણ)ગામને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે યોજાયેલ **'કથા પારાયણ'**માં દર્શન-અમૃતવાણીનો દિવ્ય લાભ આપતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૧૬-૪-૨૦૧૨)






જૂનાગઢ પ્રદેશના **ખાંભા**(જી.અમરેલી)ગામને આંગણે યોજાયેલ **'કથા પારાયણ'**માં પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૦-૪-૨૦૧૨)




ગઢપુર પ્રદેશના ચિત્તલ(જી.અમરેલી)ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'(તા. ૧૫ થી ૨૧-૪-૧૨)




જૂનાગઢ પ્રદેશના ખંભાળીયા-વિઠ્ઠલપર(જી.અમરેલી)ગામને આંગણે યોજાયેલ 'કથા પારાયણ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨૦-૪-૨૦૧૨)




વડતાલ પ્રદેશના ભરુચ શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'મહાપૂજા તથા પધરામણી' (તા. ૨૧-૪-૨૦૧૨)




જૂનાગઢ પ્રદેશના માંગરોળ શહેરને આંગણે મંદિરમાં વિરાજમાન દેવોના '૧૬મા વાર્ષિક પાટોત્સવ' પ્રસંગે યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા' તથા દેવોનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨૪-૪-૧૨)




ગઢપુર પ્રદેશના પીપળવા-સરકારી(જી.અમરેલી)ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'(તા. ૨૩ થી ૨૯-૪-૧૨)




ગઢપુર પ્રદેશના **કુંભારીયા** (તા. રાજુલા) ગામને આંગણે **પ.પૂ.** આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર અને શિવમંદિરના **'પંચાબ્દી મહોત્સવ'** પ્રસંગે પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૨૫ થી ૧-૫-૧૨)





ગઢપુર પ્રદેશના **પીઠવડી** (તા. સાવરકુંડલા) ગામને આંગણે યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો **વાર્ષિક પાટોત્સવ'** (તા. ૨ થી ૪-૪-૧૨)




વડતાલ પ્રદેશના **અંકલેશ્વર** શહેરને આંગણે **પ.પૂ.** લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ **'મહાપૂજા તથા સત્સંગ સભા'** (તા. ૧૦-૫-૧૨)




વડતાલ પ્રદેશના **મકરપુરા** (તા. વડોદરા) ગામને આંગણે યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો **'વાર્ષિક પાટોત્સવ'** (તા. ૧૦-૫-૨૦૧૨)




ગઢપુર પ્રદેશના **શાંતિનગર** (તા. મહુવા)ગામને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય સત્સંગ સભા'** (તા. ૧૩-૫-૧૨)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી**

# ભાવનગર થી ગઢડા સંકલ્પપૂર્તિ પદયાત્રા

## તારીખ :- ૧-૬-૨૦૧૨, શુક્રવાર થી ૩-૬-૨૦૧૨, રવિવાર

સંપર્ક : **અમરશીભાઈ ખાદી** - મો. ૯૪૨૬૩૧૪૩૬૮ **ઝવેરભાઈ ઉગામેડી** - મો. ૯૮૨૪૨૪૭૪૪૧
**બીપીનભાઈ પારેખ** - મો. ૯૪૨૬૮૫૫૨૭૫

દર મહિનાના પહેલા રવિવારે **સરધાર** અને મહિનાના છેલ્લા શનિવારે **રાજકોટ**માં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**:: સરધાર ::**
તા. ૩-૬-૨૦૧૨
**:: સમય ::**
સવારે ૯ થી ૧

**:: રાજકોટ ::**
તા. ૨૬-૫-૧૨
**:: સમય ::**
રાત્રે ૯ થી ૧૧

સંપર્ક :- શ્રી સ્વા. મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮, શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# પવિત્ર શ્રાવણ માસમાં સંતો-ભક્તો સાથે તીર્થયાત્રાનો અનેરો લ્હાવો



પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
'શ્રીહરિકૃષ્ણ મહારાજ સુત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ' વર્ષમાં

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની નવમી**

# શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

તારીખ :- ૪-૭-૨૦૧૨ અષાઢ વદ - ૧ થી
૩૧-૭-૨૦૧૨ શ્રાવણ સુદ - ૧૩

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર) | કુલ દિવસ :- ૨૮ ટીકીટ દર :- રૂા. ૨૫,૫૦૦

## દર્શનીય પવિત્ર તીર્થસ્થળો

**નાસિક :-** ગોદાવરી સ્નાન, કુંભપર્વનું તીર્થધામ, શ્રી રામચંદ્રજીના વનવાસનું નિવાસ સ્થાન પંચવટી, સીતાગુફા, કાલારામમંદિર, ગોરારામમંદિર, તપોવન આશ્રમશ્રી સ્વામિનારાયણ મંદિર તથા મુક્તિધામ. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (મહારાષ્ટ્ર રાજ્ય)

**ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ :-** બાર જ્યોતિર્લિંગમાં એકતમસ્થાન ધરાવતા ભગવાન શ્રી શિવશંકરના જ્યોતિર્લીંગ ત્ર્યંબકેશ્વરના દર્શન. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (મહારાષ્ટ્ર રાજ્ય)

**પંઢરપુર :-** ચંદ્રભાગા નદીમાં સ્નાન, ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શન, શ્રી નીલકંઠ વર્ણીનું પ્રસાદીનું સ્થાન. (મહારાષ્ટ્ર રાજ્ય)

**રામેશ્વર :-** ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામો માંહિલું એક ધામ, ભગવાન શ્રી શિવશંકરનું ભગવાન શ્રી રામચંદ્રજીએ પધરાવેલ જ્યોતિર્લિંગ, અતિ ભવ્ય મંદિર અને વિશાળ પરિક્રમા, ૨૨ કુપ સ્નાન, સ્ફટિક શિવલીંગ દર્શન, સમુદ્ર સ્નાન. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (તામિલનાડુ રાજ્ય)

**શ્રીરંગક્ષેત્ર :-** ભગવાન શ્રીરંગનાથજીનું ભવ્ય મંદિર તથા દક્ષિણ ભારતની ગંગા સમાન કાવેરી નદીનું પવિત્ર તીર્થ સરીતામાં સ્નાન, શ્રી રામાનુજાચાર્યની દિવ્યદેહથી સદા પ્રત્યક્ષ સંનિધિ તેમજ શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (તામિલનાડુ રાજ્ય)

**તિરૂપતિ બાલાજી :-** ભગવાન શ્રી તિરૂપતિ (લક્ષ્મીપતિ) બાલાજીનું ભવ્ય મંદિર, સુવર્ણના ઘુમ્મટવાળું ભારતનું જ નહિ પરંતુ વિશ્વભરનું સૌથી સમૃધ્ધ મંદિર, તિરૂમાલા પર્વત ઉપરનાં દર્શનીય સ્થાનો તથા તળેટીમાં શ્રી ગોંવિદરાજ મંદિર, મહાપ્રભુ શ્રી નીલકંઠવર્ણીના વનવિચરણનું પ્રસાદીસ્થાન વેંકટાદ્રિ. (આંધ્રપ્રદેશ રાજ્ય)

**જગન્નાથપુરી :-** ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામો માંહિલું એક ધામ, ભગવાન જગન્નાથનું મંદિર, માધવરાયનું મંદિર, જગન્નાથનું રસોઈ ઘર, ઈન્દ્રદ્યુમ્ન સરોવર, રથયાત્રાનાં રથ દર્શન, ગુંડીચા મંદિર, જનકપુરી, સ્વર્ગ દ્વાર, સમુદ્ર તટ, તીબાળીયા. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (ઓરિસ્સા રાજ્ય)

**સાક્ષીગોપાલ :-** ભગવાન શ્રી કૃષ્ણચંદ્રજીનું મંદિર, શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (ઓરિસ્સા રાજ્ય)

**ભુવનેશ્વર :-** આ શહેરમાં ભગવાન શંકરનું મંદિર છે, 'લીંગરાજ સ્વામી' તરીકે પ્રખ્યાત છે. તેમજ બીજું નામભુવનેશ્વર છે. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (ઓરિસ્સા રાજ્ય)

**ધોલાગીરી :-** અહિં પહાડ ઉપર શાંતિસ્તૂપ બૌદ્ધ સ્મારક દર્શન, અશોક સમ્રાટનું વૈરાગ્ય ઉત્પન્ન સ્થાન. (ઓરિસ્સા રાજ્ય)

**કાશી/વારાણસી :-** શ્રી કાશી વિશ્વનાથજી મંદિર, પવિત્ર ગંગાજી સ્નાન, દશાશ્વમેધ તથા કાશી ઘાટના દર્શન, શ્રી સ્વા. મંદિર દર્શન, તુલસીદાસજીએ રામચરિત્ર માનસ લખેલ તે સંકટમોચન મંદિર, દુર્ગા મંદિર, બનારસી સાડીઓનું બજાર. (ઉત્તરપ્રદેશ રાજ્ય)

**અલ્હાબાદ :-** ગંગા-યમુના-સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સ્નાન, અશોકનો કિલ્લો, અક્ષયવડ, શ્રી સ્વા. મંદિર દર્શન, સુતેલા હનુમાનજી મંદિર, ભારદ્વાજ ઋષિ આશ્રમ, આનંદ ભવન. (ઉત્તરપ્રદેશ રાજ્ય)

**અયોધ્યા :-** શ્રી રામજન્મભૂમિ, સરયુ નદી સ્નાન, કનક ભુવન, હનુમાનગઢી, શ્રી સ્વામિનારાયણ મંદિર, શહેરમાં પાંચ હજાર મંદિરથી વધુ મંદિરો. (ઉત્તરપ્રદેશ રાજ્ય)

**છપૈયા :-** ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્યસ્થાન દર્શન, નારાયણ સરોવર સ્નાન, ગૌઘાટ, શ્રવણ તળાવડી, ખાંપા તળાવડી, મખોડા ઘાટ વગરે , ધર્મ-ભક્તિના ઓટા, સંગેમરમર પથ્થરમાં નૂતન શ્રી સ્વા. મંદિર દર્શન. (ઉત્તરપ્રદેશ રાજ્ય)

**હરિદ્વાર :-** ગંગાજીમાં સ્નાન, હરકી પૈડી-ગંગામાતા આરતી દર્શન, શ્રી



**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. મો. ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૮૭૯૭૫૮૫૦૩

Visit us : www.sardharkatha.com ● E-mail :- sardharmandir@gmail.com, balswami2008@yahoo.com, nyalkaran.11109@gmail.com

બુકિંગ માટે સંપર્ક :- **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી). **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨. **શ્રી સ્વા. મંદિર - મલાડ.** ફો.નં. ૦૨૨ - ૨૮૮૦૪૩૫૬. **શ્રી સ્વા. મંદિર - ખારગેટ મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫. **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **અમરશીભાઈ ખાદી - ભાવનગર.** મો. ૯૪૨૬૩૧૪૩૬૮. **ધીરુભાઈ - ઉના.** મો. ૯૮૨૪૨૪૩૧૬૬.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધાર
પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ધર્મકુળ મુગટમણિ ૧૦૮
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે તૈયાર થયેલ સુંદર નયનરમ્ય
નૂતન 'શ્રી યજ્ઞેન્દ્ર પ્રવેશદ્વાર'નો ભવ્ય
ઉદ્‌ઘાટન મહોત્સવ
તારીખ : ૨૪ થી ૨૭ ૫-૨૦૧૨
પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી
તેમજ સાથે સાથે બાળકો અને યુવાનોને જીવનનો એક રાહ મળે અને જીવનમાં
એક નવો જ ઉત્સાહ પ્રગટ થાય તેવા હેતુસર સરધારને આંગણે આઠમો
શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ
પ્રયોજક :-
પૂ. સ.ગુ. સ્વામી
શ્રી નિત્યસ્વરૂપદાસજી
શ્રી હરિકૃષ્ણ મહારાજ
વડતાલધામ
પ્રવેશદ્વારના દાતાશ્રી : અ.નિ. ધનબાઈ વાલજીભાઈ વરસાણી (સુખપુર-ભુજ) ફર્મ :- શ્રીહરિ બિલ્ડર્સ - સિસલ્સ
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
શ્રી સ્વામિનારાયણ મંદિર ડોંબીવલી મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના
વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ડોંબીવલીને આંગણે ભવ્ય
શ્રી સ્વામિનારાયણ
सत्संग उत्कर्ष
મહોત્સવ
શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ
વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી
પ્રારંભ
તા. ૨૯-૫-૨૦૧૨
સં. ૨૦૬૮ જેઠ સુદ - ૮
પૂર્ણાહુતિ
તા. ૪-૬-૨૦૧૨
સં. ૨૦૬૮ જેઠ સુદ - ૧૫
શ્રી ઘનશ્યામ મહારાજ - ડોંબીવલી
:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી
:: કથા સમય ::
બપોરે ૩.૩૦ થી ૬.૩૦
રાત્રે ૮.૦૦ થી ૧૦.૩૦
આયોજક : ધર્મકુળ આશ્રિત બૃહદ મુંબઈ પરાવિસ્તાર સત્સંગ સમાજ વતી શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - ડોંબીવલી
મહોત્સવ સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, રેલ્વેબ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ)
સંપર્ક :- મંદિર - ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫, પૂ. પ્રેમ સ્વામી - મો. ૯૩૨૨૭૫૩૦૫૨




**દેવકા (તા. રાજુલા)ને આંગણે ભાગવતાચાર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝાના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ 'દેવકા વિદ્યાપીઠ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. (તા. ૧૩-૫-૨૦૧૨)**

૧. પૂ. શ્રી રમેશભાઈના શ્રીમુખે કથાશ્રવણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. પૂ. શ્રી રમેશભાઈને શુભેચ્છા સાથે આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી . ૩-૪. પોથીજીનું પૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. પૂ. શ્રી રમેશભાઈનું પુષ્પહાર પહેરાવીને સ્વાગત કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્મૃતિભેટ અર્પણ કરીને સ્વાગત કરતા પૂ. શ્રી રમેશભાઈ. ૭. સભાજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા લાભ લેતા પૂ. શ્રી ગુરુશરણાનંદજી મહારાજ - રમણરેતી, પૂ. ભારતી બાપુ - જૂનાગઢ, પૂ. મુક્તાનંદ બાપુ - ચાંપરડા, પૂ. દેવીપ્રસાદજી મહારાજ - આણંદબાવા આશ્રમ, પૂ. એસ.પી. સ્વામી - ગઢડા. ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. શ્રી ગુરુશરણાનંદજી મહારાજ - રમણરેતી. ૯. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા શ્રી કરુણાશંકરભાઈ ઓઝા. ૧૦. શ્રી બજરંગલાલ તાપરીયા - મુંબઈ. ૧૧. આહિર સમાજ અગ્રણિ અને પ.ભ. શ્રી બાબુભાઈ રામ - ભેરાઈ. ૧૨. પ.ભ. શ્રી મીઠાભાઈ - કોવાયા.

Shree Swaminarayan Chintan, May -2012 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2014, RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month.




જૂનાગઢધામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે પ.ભ. શ્રી અમરશીભાઈ તથા રસિકભાઈ ડુંગરશીભાઈ નિસર પરિવાર (થાણા)ના યજમાનપદે યોજાયેલ ભગવાન શ્રીહરિ સ્થાપિત સોરઠ પ્રદેશના અધિષ્ઠાતા શ્રી રાધારમણ આદિક દેવોનો '૧૮૪મો વાર્ષિક પાટોત્સવ' (સં. ૨૦૬૮ વૈશાખ વદ - ૨, તા. ૭-૫-૨૦૧૨)

**છબીકલા :** શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩. શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયા - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji